Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




## ❁ તારા પરમાત્મ સ્વરૂપની ધૂન લગાવ ❁

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ–મન–વાણી ઉદયભાવ તો નથી જ, રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમવટ જામી છે, આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા! પોતાને પામર...પામર...પામર માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. હું માણસ છું ને ઢોર છું, રોગી છું, ભોગી છું, ભીખારી છું એવું દીનપણું માની લીધું છે, તેને અંદરનું પરમાત્મપણું બેસવું કઠણ પડે છે. પણ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. (–પૂજ્ય ગુરુદેવશ્રી)

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર**
વીર સં. ૨૫૦૪, જૂલાઈ (લવાજમ છ રૂપિયા) વર્ષ ૩૫ઃ અંક ૮

## ❀ જ્ઞાન-વૈરાગ્યના સિંચનથી પાકતા મુક્તિનાફળ ❀

જ્ઞાન–વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફૂવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે. માટે જ્ઞાન–વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ. ૧૬. 'બહેનશ્રીનાં વચનામૃત'

### ( પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી )

જ્ઞાન–વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી–જેમ પાણી સિંચવાથી વૃક્ષના ફળ ફળે છે તેમ–સુખ ફળે છે. સર્વોત્કૃષ્ટ સ્વરૂપ એવા આત્માનું જ્ઞાન અને પર તરફથી ઉદાસ એવા વૈરાગ્યરૂપી જળને અર્થાત્ અસ્તિપણાનું જ્ઞાન ને નાસ્તિપણાના વૈરાગ્યરૂપી જળને અંદર સિંચવાથી સુખ ફળશે કે જેની આગળ ઇન્દ્રના ભોગ સડેલાં મીંદડા જેવા લાગે. અમૃત સ્વરૂપ ભગવાનનું જ્ઞાન કરવાથી પર્યાયમાં તને અમૃત ફળશે. ભૂખ્યાને દૂધપાક, ઘીની પૂરી ને પાત્રાનું જમણ હોય તેને જાણે હું શુંયે સુખના વેદનમાં છું!–એમ માને છે પણ એ દુઃખના વેદનને સુખનું વેદન માને છે એ મિથ્યાભ્રમમાં છે.

જેમ આંબાને ખામણું કરીને પાણી સીંચે છે તેમ પ્રભુનું જ્ઞાન ને વૈરાગ્યરૂપી પાણી સિંચવાથી તને અમૃત ફળશે. એ સિવાય જે અશુભ રાગ છે તે તો ઝેર છે અને શુભભાવ તે પણ ઝેર છે. ઇષ્ટના રાગનો પણ વૈરાગ્ય અને જેવડું પૂરણ સ્વરૂપ છે એવડું પ્રતીતિમાં ને અનુભવમાં આવવું એવા જ્ઞાન ને વૈરાગ્યથી પ્રભુ તને અમૃત ફળશે. બીજું આવડે કે ન આવડે તેની સાથે સંબંધ નથી.

રાગના અભાવ સ્વરૂપી વૈરાગ્ય અને જ્ઞાનનું સિંચન કરવાથી સુખનો ફુવારો છૂટશે. જ્ઞાન ને વૈરાગ્યથી સ્વભાવમાંથી જ્ઞાન ને આનંદનો ફુવારો છૂટશે. પ્રભુ! તું અમૃતનો દરિયો છો ને! એના જ્ઞાન ને વૈરાગ્યથી અમૃત મળશે ને ધારા છૂટશે. આનંદના સાગરનું જ્ઞાન ને રાગના અભાવથી તને આનંદનો ફુવારો છૂટશે, તેનું નામ ધર્મ છે.

રાગ સિંચવાથી તો દુઃખ મળશે ભાઈ! ચાહે તો શુભરાગ હો પણ ત્યાં દુઃખ ફળશે ભાઈ! ભાષા તો સાદી પણ ભાવ ઊંચા, જગતના ભાગ્ય કે આવું પુસ્તક બહાર આવ્યું. ચાહે તો નય–નિક્ષેપ–પ્રમાણનો વિકલ્પ હો પણ તે છે તો દુઃખ. પ્રભુ! તું આનંદ ને જ્ઞાનની વેલડી છો, તેમાં અમૃત પાકશે. જેમ કોળાની વેલડી પાતળી હોય પણ તેમાં મોટા–મોટા કોળા પાકે, તેમ અંદર અમૃતના ફળ પાકશે ને રાગ સિંચવાથી તો દુઃખ પાકશે. માટે મુક્તિસુખરૂપી પૂરણ અપરિણમિત અમૃતને મેળવવા જ્ઞાન–વૈરાગ્યરૂપી જળનું સિંચન કર ભાઈ!

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૮






વીર સંવત
૨૫૦૪
A.D. 1978
JULY


**સંતોના કોલકરાર:-**
**અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાઓ પણ સિદ્ધપણાને પામશે જ.**

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસારશાસ્ત્ર ઉપર સભામાં ઓગણીસમી વખત પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો શરૂ થયા છે. તા. ૧૨–૬–૭૮ ના રોજ પહેલી ગાથા ઉપર અધ્યાત્મ ઘોલનની મસ્તીથી ખૂબ જ ભાવવાહી શૈલી દ્વારા શ્રી કુંદકુંદદેવના તથા શ્રી અમૃતચંદ્રદેવના ઊંડા ઊંડા ભાવોનું શ્રોતાઓને અમૃત પાન કરાવતાં આશીર્વચનરૂપે તેઓશ્રીએ ફરમાવ્યું કે આચાર્યદેવ એમ કહે છે કે જે અનંતા અનંતા સિદ્ધો થઈ ગયા તેને મારી અને શ્રોતાની પર્યાયમાં સ્થાપું છું. પ્રભુ! મારી પર્યાયમાં આપ પધારો, મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે. અનંત સિદ્ધોને મારી ને તારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે એવી તાકાતવાળી છે. જેમ વાર–કવાર હોયને આગળના શુભદિને પસ્તાનું મૂકે તેમ અત્યારે વાર–કવાર-પંચમકાળ હોવાથી અમે પર્યાયમાં

અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂકયું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. શ્રોતાઓમાં પણ અમે અનંતા સિદ્ધો સ્થાપીયે છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ–એમ આચાર્યદેવ શ્રોતાને આશીર્વચન કહે છે. આચાર્યમહારાજ કહે છે કે તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો. આહાહા! કોણ જાણે આ ગાથામાં શું શું ભર્યું છે! કહે છે કે અમે કેવળી પાસે જે સાક્ષાત્ સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે તથા અમને અનુભવથી બેઠું છે એવું આ સમય પ્રાભૃત જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ. તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ–એમ હે શ્રોતા! તું નિઃસંદેહ જાણ. આહાહા! જોર તો કેટલું છે! સિદ્ધને હેઠે ઉતારે છે! પ્રભુ! તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો, હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ! આપ મારી પર્યાયમાં પધારો, પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. એ રીતે સિદ્ધોને પર્યાયમાં સ્થાપીને શુદ્ધાત્માને કહીશ તેથી તેને લક્ષમાં રાખીને અમારી વાત સાંભળજે–એમ આચાર્ય મહારાજ માંગલિકરૂપે પહેલી ગાથા કહે છે.

( શ્રી સમયસાર ગાથા–૧, પૂજ્ય ગુરુદેવશ્રીના ઉલ્લાસભર્યા એક પ્રવચનમાંથી )

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી ભાષિત સમયપ્રાભૃત અહો! ૧.**

અહીં ટીકામાં પ્રથમ શબ્દ **अथ** મૂક્યો છે તે મંગળને અર્થે છે એટલે કે હવે સાધક ધર્મની શરૂઆત થાય છે. અનંતકાળથી જે સાધકસ્વરૂપનું ભાન નહોતું એવું સાધકપણું હવે શરૂ થાય છે. સાધકપણાની નવી શરૂઆત થાય છે તેનું નામ મોક્ષમાર્ગ છે અને તે જ માંગલિક છે. મૂળ પાઠમાં '**वंदितु सव्वसिद्धे**' શબ્દ પડયો છે તેમાંથી અનંત સિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપું છું ને શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપું

છું એમ કહીને આદિ રહિત અનાદિના સિદ્ધો છે અને અનંતા સિદ્ધો છે તેમ સિદ્ધ કર્યું જેમ આકાશના પ્રદેશનું શું માપ? એ ક્ષેત્રની બેહદ મર્યાદાની શી વાત? તેમ સંસારી અને સિદ્ધો અનાદિના છે. આકાશના ક્ષેત્રનું માપ જ ન આવે, અલોક અલોક અલોક છે તેમ સમુદાયપણે અનંતા સિદ્ધો પણ અનાદિના છે.

સિદ્ધ પણ એક નથી પણ અનંત સિદ્ધ છે. તે સર્વ સિદ્ધોને હું મારી પર્યાયમાં સ્થાપું છું, મારી જ્ઞાનની પર્યાયમાં આદર કરું છું. મારી જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે ને શ્રોતાની પણ જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે તે મને ખ્યાલમાં છે છતાં તે અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સિદ્ધોને જાણવાની તાકાત છે તેથી જ્ઞાનની પર્યાયમાં અનંત સિદ્ધોને આદર કરું છું, એટલે વંદન કરું છું એટલે કે પોતાની પર્યાયમાં સ્થાપું છું. કેવી રીતે?–કે ભાવસ્તુતિથી ને દ્રવ્યસ્તુતિથી સ્થાપું છું.

મારો આત્મા આરાધ્ય અને હું આરાધક, ત્રિકાળી વસ્તુ આરાધ્ય અને નિર્વિકલ્પ શાંતિ તે આરાધક એવી જે નિર્વિકલ્પ સમાધિ તે ભાવસ્તુતિ છે. ભાઈ! આ સંસાર ભૂલી જાય, રાગ પણ ભૂલી જાય એવી વાત છે. કુંદકુંદાચાર્યદેવે **वंदितु सव्वसिद्धे** શબ્દમાં જે ભાવ ભર્યો છે તેને હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્યદેવ બહાર કાઢે છે કેમકે જ્યાં સમ્યગ્દર્શન–જ્ઞાનની કળા ખીલી છે તે કળા બધાને કળી લે છે. સર્વ સિદ્ધો કહીને પરમાત્મા થતાં બધા એક જ આત્મા થઈ જાય છે તે વાતનો નિષેધ કર્યો છે.

## પ્રભુ! મારી પર્યાયમાં પધારો,

## ❁ મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે. ❁

સર્વ સિદ્ધોને એટલે સંખ્યાતીત અનંત એ બધા સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાયમાં એને રાખું છું. મારી પર્યાયની પેટીમાં અનંતા સિદ્ધોને પધરાવું છું. મારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સર્વ સિદ્ધોને બેસાડું છું. પ્રભુ! મારી પર્યાયમાં પધારો, મારી પર્યાય આપને રાખવા જેવી લાયક છે. મારી અલ્પજ્ઞ પર્યાયની એટલી તાકાત છે કે અનંત સિદ્ધો છે તેને રાખી શકે. પરદ્રવ્ય–સિદ્ધો છે તેને એકલો દ્રવ્ય નમસ્કાર કર્યો છે તેમ નહીં પણ મારો ભાવ નમસ્કાર ભેગો છે. આરાધ્ય તે હું અને આરાધક પણ હું એવી ભાવસ્તુતિથી હું મારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપું છું, વંદન કરું છું.

અનંત સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે છે. અનંત સર્વજ્ઞોને કબુલે એવી મારી અલ્પજ્ઞ પર્યાયની તાકાત છે. હું ભાવસ્તુતિથી તો સિદ્ધોને સ્થાપું છું પણ વિકલ્પ દ્વારા પણ પર્યાયમાં તેમને સ્થાપું છું–એમ કુંદકુંદાચાર્યે જે ભાવ પાઠમાં ભર્યો છે તેને

અમૃતચંદ્રાચાર્યદેવ સ્પષ્ટ તર્કથી ખોલે છે. ભાવસ્તુતિથી એટલે કે મારી પર્યાયમાં –નિર્વિકલ્પ દશામાં તેમને સ્થાપું છું ને વિકલ્પની દશામાં પણ તેમને વંદન કરું છું એટલે કે વિકલ્પમાં પણ અનંતા સિદ્ધો છે તેમને સ્થાપું છું.

**વાર-કવાર (-પંચમકાળ) હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂકયું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ.**

અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂકયું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. અનંતા અનંતા અનંતા સિદ્ધોને નિર્વિકલ્પ દશા દ્વારા અને વિકલ્પ દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં સ્થાપું છું. જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું ને રાગમાં વિકલ્પમાં બહુમાન લાવીને સ્થાપું છું કેમ કે વિકલ્પ કાંઈ જાણતું નથી. એ રીતે ભાવ ને દ્રવ્યસ્તુતિથી પોતાનામાં અનંત સિદ્ધોને સ્થાપે છે અને શ્રોતાની પર્યાયમાં પણ સ્થાપે છે. હજુ તો શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છે, ભલે અજ્ઞાની છે છતાં કહે છે કે શ્રોતા તરીકે સાંભળવા આવ્યો તો તારી પર્યાયની પણ અમને એટલી લાયકાત લાગે છે કે તારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ અને તારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ કેમ કે સ્વ અને પરમાં ભાવ અને દ્રવ્ય બન્નેથી સ્થાપે છે ને!

**શ્રોતાઓમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે એ ટોળી પણ સિદ્ધપણાને પામશે જ.**

અહાહા! સિદ્ધને નીચે ઉતાર્યા છે! સિદ્ધ તો ત્યાં છે પણ પ્રભુ! આપ અમારાથી હવે દૂર ન રહી શકો. અહીં તો શ્રોતાને માટે પણ એટલું જોર આપે છે. એવા જ શ્રોતાને શ્રોતા તરીકે ગણવામાં આવ્યા છે કે તે સિદ્ધનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ સાંભળવા આવ્યા છે તેથી તેઓ અનંતા સિદ્ધોને પર્યાયમાં સ્થાપી શકે એટલી યોગ્યતા અમે જોઈએ છીએ. પરના આત્માની પર્યાયમાં સિદ્ધોને સ્થાપે છે. એવા જ શ્રોતાઓને લીધા છે કે જે પર્યાયમાં અનંતા સિદ્ધોને સંઘરી શકશે, જેની પર્યાય અનંતા સિદ્ધોને કબૂલશે ને પર્યાયમાં તેનો આદર કરી શકશે–એવા શ્રોતાને શ્રોતાઓ તરીકે લીધા છે. તે શ્રોતાઓમાં પણ જ્યારે અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ એ ટોળી પણ સિદ્ધપણાને પામશે. નહીં પામે એ સવાલ અમારી પાસે છે જ નહીં.

## તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો.

સર્વજ્ઞના અસ્તિત્વને પર્યાયમાં સિદ્ધ કરીને તારી પ્રગટ પર્યાયમાં નથી તેમાં સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી તું સિદ્ધનું લક્ષ કરીને અમને સાંભળજે. સિદ્ધનું લક્ષ કરીને સાંભળજે તું જરૂર સિદ્ધ થઈશ. વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું–મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તું અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો! અને તું પણ તેમ જોઈ શકે છો! આહાહા! **'वंदितु सव्वसिद्धे'** નો આ ભાવ તો જુઓ! અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ, તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ તેથી તારું લક્ષ અલ્પજ્ઞપણે નહીં રહી શકે, તારું લક્ષ સર્વજ્ઞ ઉપર રહેશે. અને સર્વજ્ઞ ઉપર લક્ષ રાખીને અમને સાંભળજે.

## આહાહા! કોણ જાણે આ ગાથામાં અંદર શું શું ભર્યું છે!

અમારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી છે અને અમારી પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને અમે સ્થાપીને રાખ્યા છે એ હવે બહાર નહીં જઈ શકે. અમારો આત્મા સિદ્ધથી બહાર નહીં રહી શકે. કોણ જાણે આમા અંદર શું ભર્યું છે! એ રીતે કહેનાર ને સાંભળનાર બન્નેના આત્મામાં સિદ્ધોને સ્થાપીને શું કહેવું છે?–કે સમયનામનું પ્રાભૃત અર્થાત્ શુદ્ધાત્માને કહેવો છે. તેથી તેના લક્ષમાં રહીને હવે અમારી વાત સાંભળ.

મારા ક્ષયોપશમમાં જે જ્ઞાનની દશા ઊઘડી છે તે દ્વારા એટલે કે ભાવવચનથી હું સમયપ્રાભૃત કહીશ. ભાવવચન એટલે વિકલ્પ નહીં પણ જે ઊઘડેલું જ્ઞાન છે તે ભાવવચન છે અને તેની સાથે દ્રવ્યવચન–વિકલ્પ આદિ છે. ભાવવચનની સાથે દ્રવ્યવચન આદિ છે તેનાથી જે પુણ્ય બંધાશે તેનાથી ભવિષ્યનો બધો સંયોગ ધર્મનો જ મળશે. દ્રવ્યસ્તુતિ છે ને! તેથી અમે ભગવાન પાસે, ગણધરો પાસે, સંતો પાસે, જ્યાં આ વાણી છે ત્યાં અમારું પૂરું કરવા ભવિષ્યમાં જવાના. ભાવથી તો અમે વર્તમાન નિર્વિકલ્પ સમાધિથી સિદ્ધોની સ્તુતિ કરીએ છીએ પણ વિકલ્પથી પણ કરીએ છીએ. કારણ કે અમને ખબર છે કે આ ભવમાં સર્વજ્ઞપણું નથી, તે સ્થાપીએ છીએ પણ આ પર્યાયમાં સર્વજ્ઞપણું આ ભવે નહીં થાય એમ અમને ખબર છે તેથી વિકલ્પની સ્તુતિમાં એવું પુણ્ય બંધાશે કે જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હશે, શ્રુતકેવળી હશે એવો સંયોગ મળશે. સ્વભાવની ધારાથી સ્વભાવ પૂરણ થશે અને વિકલ્પની ધારાથી પૂરણને સમજાવનાર સંયોગ પ્રાપ્ત થશે.

કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા અને તેથી સમકિતીની દશા ભલે ક્ષાયિક ન હો પણ ત્યાં ગયા હતા માટે અપ્રતિહત દશા હો પણ અમૃતચંદ્રાચાર્યદેવ તો ભગવાન પાસે ગયા ન હતા ને ?–કે સાંભળ, અમે ભાવ ભગવાન પાસે ગયા છીએ.

ભાવ અને દ્રવ્યને સ્થાપીને સમય પ્રાભૃતનું ભાવવચન ને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીયે છીએ જ્યાં જ્યાં જે જોઈએ ત્યાં ત્યાં તે સ્થાપન કરવું, શાસ્ત્રનું રચવું તેનું નામ પરિભાષણ. જે શૈલીએ, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે એને યોગ્ય જે શબ્દો હોય તે ઠેકાણે તે રચવા એનું નામ પરિભાષણ. પંચમ આરાના પ્રાણીને માટે અહીં કહીએ છીએ, અમે પંચમ આરામાં છીએ તો તેને યોગ્ય પરિભાષણ થશે. અમે છદ્મસ્થ છીએ, શરૂ કરીએ છીએ પણ શરૂ કર્યું એવું એમને પૂરું થઈ ગયું છે. જ્ઞાનની ધારામાં અમારે જે કહેવું છે–ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે અને અમને અંદરમાં ભાસ્યું છે તે શરૂ કરીએ છીએ તેથી તો આગળ કહ્યું કે હું દેખાડીશ, દેખાડીશ તો, તું શ્રોતા તરીકે આવ્યો છો સિદ્ધને સ્થાપ્યા છે તો અનુભવથી પ્રમાણ કરજે.

## શ્રુતકેવળી-કથિત આ સમયસાર કહીશ, જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ કેમકે અમે તેની પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે

આવું શાસ્ત્ર અહો !–શ્રુતકેવળીએ કહેલું છે તે કહીએ છીએ. શ્રુતકેવળીએ કહેલાં શાસ્ત્રને કહીશ જેને કહીશ તેમાં સિદ્ધ પણું સ્થાપું છું કેમકે તે બધા સિદ્ધપણું પામશે જ. થોડા વહેલા મોડા પણ સિદ્ધપણું પામશે જ. કેવળીએ કહેલું ને શ્રુતકેવળીએ કહેલું અહો ! આ કહીશ. ત્રણલોકના નાથે કહેલું હું કહીશ. સાક્ષાત્ ભગવાને કહ્યું તે મેં સાંભળ્યું ને શ્રુતકેવળી સાથે ચર્ચ્યું હતું તે હું કહીશ ભગવાને કહ્યું તે હું કહીશ એટલે કે પોતે ભગવાન પાસે ગયા હતા એ આવી ગયું. વાણી તો વાણીના યોગે નીકળશે પણ મારો જ્ઞાનભાવ છે તેને અનુલક્ષીને વાણી થશે. ભગવાન પાસે સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે જાણ્યું છે તેને અનુસારે વાણી નીકળશે.

શરૂ કરીએ છીએ એમ કહ્યું અને એમને તો શરૂ કર્યું એ પૂરું થઈ ગયું છે. મોક્ષમાર્ગ પ્રકાશક પૂરું ન થયું. આચાર્યદેવ કહે છે કે હું શરૂ કરું છું. **वोच्छामि** શબ્દમાંથી હું કહું છું–એનો ભાવ અમૃતચંદ્રાચાર્યદેવે એ કાઢયો કે હું શરૂ કરીશ એમ કુંદકુંદાચાર્યદેવ કહે છે. હું સમયસાર કહીશ એમ કુંદકુંદાચાર્યદેવે ન કહેતાં હું શરૂ કરીશ એમ કહ્યું છે. એવો જે ભાવ **वोच्छामि** માં ભર્યો છે એ ભાવ અમૃતચંદ્રાચાર્યે બહાર કાઢયો છે.

## તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ -એમ તું નિઃસંદેહ જાણ !

પ્રભુ ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી ! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે અલ્પજ્ઞપણે રહી શકશે નહીં હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે ભવિ હશું કે અભવિ હશું ?–એ વાત રહેવા દે ! કોણે કહી એ તને ? ભવિ–અભવિ માર્ગણાનો નિષેધ કર્યો છે. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ–અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહીં પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહીં. જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ તેમ અહીંયા તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ ! વિશ્વાસ કરજે, અંદર વિશ્વાસ કરજે કે આ આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધો સ્થાપ્યા છે. પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. તમે બધા શ્રોતાઓ સિદ્ધપદને થવાને લાયક છો હો ! તેથી તમારામાં એમ સિદ્ધપણું સ્થાપીયે છીએ, અને અમે એ વાત શરૂ કરીએ છીએ, એટલે કે તારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે.

જોર તો કેટલું છે ! સિદ્ધને હેઠે ઉતારે છે. પ્રભુ તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ આપ મારી પર્યાયમાં પધારો પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. આહાહા ! એક એક અક્ષરમાં કેટલો મર્મ ભર્યો છે.

હવે એ સિદ્ધ ભગવંતો કેવા છે ? પોતાની પર્યાયમાં ને સામાની પર્યાયમાં જે સિદ્ધ ભગવંતો સ્થાપ્યા તે કેવા છે ?–કે એ સિદ્ધભગવંતો પોતાનો આત્મા જે સાધ્ય છે તેના સ્થાનમાં છે એટલે કે સાધ્ય આત્માના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધભગવંતો છે. ‘પ્રભુ ! તમે પૂરણ છો’ ત્યાં સામો અવાજ આવે છે–પ્રતિચ્છંદ આવે છે કે ‘પ્રભુ ! તું પૂરણ છો.’ ‘પ્રભુ તમે પૂરણ આનંદના નાથ છો’ ત્યાં સામો ધડાકા કરતો અવાજ આવે કે ‘પ્રભુ ! તું આનંદનો નાથ છો.’ જેટલા વિશેષણો સિદ્ધને માટે કહેવામાં આવે તેનો સામો અવાજ આવે છે કે તું તેવો છે. આત્મા સાધ્ય છે ને સિદ્ધ ભગવંતો તેના પ્રતિચ્છંદના સ્થાને છે તેથી સંસારી ભવ્ય જીવો ‘સિદ્ધ જેવા છે તેવો જ હું છું, મારી જાતમાં ને પ્રભુની જાતમાં ફેર નથી’–એમ સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરીને સિદ્ધ સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને તે સમાન થઈ જાય છે. પોતાના સ્વરૂપને ધ્યેય

બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને, તેનો રસ લઈને, તેના જેવો થઈ જાય છે. અહીં ન થાય એવો પ્રશ્ન છે જ નહીં. સાધ્ય આત્માના પ્રતિછંદના સ્થાને સિદ્ધો છે, તેમના સ્વરૂપનું ચિંતવન કરીને, અંતરના પૂરણ સ્વભાવને ધ્યાવીને, આનંદને પીને સિદ્ધના જેવો થઈ જાય છે, સંતોની વાણી અમર થવાની અમર વાણી છે. એ વાણી અફર છે એમ તને સિદ્ધપણું થાય એ અફર રહેવાની વાત છે. સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને સિદ્ધ સમાન થઈ જાય છે. અમે સિદ્ધનું વંદન ને આદર કેમ કર્યો ?–કે તેમનું ચિંતવન કરીને તેમના જેવું જ પોતાનું સ્વરૂપ છે.–એમ ધ્યાવીને તેમના જેવા થઈ જાય છે માટે તેમને આત્મામાં સ્થાપ્યા છે; તેને વંદન કહેવામાં આવે છે. અમારી ને તારી પર્યાયમાં સિદ્ધને સ્થાપ્યા છે તેથી સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરીને તેના જેવું અમારું સ્વરૂપ છે તેમ ધ્યાન કરીને તેમના જેવા થઈને દુઃખરૂપ ચારે ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ–મોક્ષ તેને પામે છે. પંચમગતિ છે તે પર્યાય છે, એ મોક્ષગતિને તે પામે છે. શક્તિરૂપે સિદ્ધ હતો પણ પર્યાયરૂપે ન હતો એવી અભૂતપૂર્વ મોક્ષગતિને પામશે, પામશે જ. ( મુમુક્ષુ હૈયામાં અનંત સિદ્ધોની પરમ મંગલમય સ્થાપના કરીને અલ્પકાળમાં સિદ્ધત્વ પ્રાપ્ત કરાવવાના કોલ–કરાર કરનાર શ્રી સદ્ગુરુદેવનો જય હો. )

( ટૂંક સાર રૂપે અત્રે પ્રવચન આપ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મમસ્તીથી ભરપૂર સાક્ષાત્ ઉદ્ગારો તા. ૧૨–૬–૭૮ના ટેપ–પ્રવચન દ્વારા સાંભળવા યોગ્ય છે. )

## અરેરે ! ત્રણલોકનો નાથ થઈને...

આહાહા ! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણલોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દ્રષ્ટિને છોડી દે ! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દ્રષ્ટિને જોડી દે ! રાગને તું ભૂલી જા ! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા ! અવિનાશી ભગવાન પાસે ક્ષણીક પર્યાયના મૂલ્ય શા ? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત તો ક્યાં રહી ? આહાહા ! એકવાર તો મડદા ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઉછળીને અંતરમાં જાય એવી વાત છે.

( પૂજ્ય ગુરુદેવશ્રી, રાત્રિચર્ચામાંથી )

# અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા

## આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવે છે.

( મુંબઈ, તા. ૯-૪-૭૮, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

આ અધિકાર ( સમયસાર ગાથા ૧૭–૧૮ ) ઘણો જ સરસ છે. આનંદનો સાગર અનુભૂતિસ્વરૂપ પોતે જ છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા પોતે છે જ. ભગ એટલે કે અનંત આનંદ ને અનંત જ્ઞાનની લક્ષ્મી અને વાન એટલે વાળો અર્થાત્ અનંત જ્ઞાન ને આનંદની લક્ષ્મી વાળો ભગવાન આત્મા છે. અનંત ગુણનો ગોદામ પ્રભુ છે, એક સમયની વર્તમાન હલચલ થતી–પરિણમન થતી પર્યાયની પાછળ પ્રભુ પોતે બિરાજમાન છે પણ પુણ્ય–પાપને જોવા આડે તેની પાછળ જે ભગવાન બિરાજી રહ્યો છે તેને તું જોતો નથી.

પર્યાયમાં અનુભવ થઈ શકે એવો ત્રિકાળી અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા છે. એવો જે આ ત્રિકાળી અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા છે તે આબાળગોપાળ એટલે બાળકથી માંડીને વૃદ્ધ સુધી ( –અહીં પંચેન્દ્રિય જીવની મુખ્યતા લીધી છે ) સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પોતે જ સદાકાળ અનુભવમાં આવે છે. ચાલતી વર્તમાન પર્યાયમાં સદાકાળ સૌને વસ્તુ જ જ્ઞાનમાં જણાય છે. આ શ્લોક–અધિકાર બહુ જ ઊંચો છે, સરસ છે. શું કહે છે ?–કે બાળકથી માંડીને વૃદ્ધને સૌને સદાકાળ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા જ જણાય છે. સ્વપરને જાણવાની તાકાત હોવાથી અલ્પજ્ઞ પર્યાય હોવા છતાં આબાળ ગોપાળ સૌને સદાકાળ સ્વ પોતે જ જણાય છે.

જ્ઞાનની પલટતી વર્તમાન અવસ્થામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન બધા જીવને જણાય છે કેમકે જ્ઞાનની વર્તમાન દશાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. નાની બાળકીથી માંડીને ૧૦૦ વર્ષની સ્ત્રીને તથા નાના બાળકથી માંડીને ૧૦૦ વર્ષના વૃદ્ધને–સૌને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જ જણાય છે.

પ્રશ્નઃ– વગર પ્રયત્ને જણાય છે ?

ઉત્તરઃ– એનો જાણવાનો સ્વભાવ જ છે. જ્ઞાનગુણની વર્તમાન પ્રગટ પર્યાય

છે તેનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ હોવાથી સ્વને જાણે જ છે. પ્રભુ! તારી દશા ભલે અલ્પજ્ઞ હો! પણ તે પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયક જણાય છે,-કોને ?-આબાળગોપાળ સૌને સદાકાળ જણાય છે, સર્વજ્ઞદેવ એમ કહે છે કે પ્રભુ! તારી વર્તમાન દશામાં સદાકાળ તું પોતે જ જણાય છે. પર્યાયમાં આખો આત્મા જણાય એવો એનો સ્વભાવ છે. જ્ઞાનની જે અવસ્થા છે તેનો સ્વભાવ જ એવો છે કે જ્ઞાનની પર્યાયમાં આખો પૂરણ ભગવાન જણાય છે.

ભગવાન ત્રિલોકનાથનું ફરમાન છે કે પ્રભુ! તારી વર્તમાન દશા છે તે પૂરણ ભગવાન આત્માને જાણે એવો જ તેનો સ્વભાવ છે. આમ હોવા છતાં પણ અનાદિથી રાગની સાથે એકતાના કારણે રાગને વશે થઈને જ્ઞાયક જણાવવા છતાં, રાગને જાણે છે. અરેરે! જ્ઞાન-અરીસામાં તું તને જાણે જ છો છતાં અનાદિથી બંધના વશે તારી નજરમાં રાગ આવે છે તેથી તારી નજર રાગમાં રોકાઈ ગઈ છે માટે જ્ઞાયક તને જણાતો નથી. જ્ઞાનની પર્યાયમાં સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી ભગવાન આત્મા જણાય છે જ છતાં અજ્ઞાનીને તે જણાતો નથી.

જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી. અરેરે!! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી ?-કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી.

સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. સર્વજ્ઞ પરમાત્મા સૌને નિજ સત્તાએ શુદ્ધ દેખે છે અને સર્વજ્ઞની જેમ સૌ પોતાને નિજસત્તાએ શુદ્ધ દેખે તો તેને તેવો જણાય. આ થોડા અક્ષરમાં ભગવાન આત્માનું આખું સ્વરૂપ આવી જાય છે. અહીં કહે છે કે આવો ભગવાન આત્મા સૌને સદાકાળ જણાય છે છતાં જણાતો કેમ નથી ? જ્ઞાનની પર્યાયમાં એવી તાકાત છે કે આખા ભગવાન આત્માને જાણે. જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માને જાણે છે છતાં કેમ જણાતો નથી ?-કે અંદર મહાપ્રભુ બિરાજે છે તે જ્ઞાનમાં જણાવા છતાં પોતે રાગને વશ થઈને રાગને જ જુવે છે તેથી પોતે જણાતો નથી.

## અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને ખરેખર જાણનાર આત્માને જાણે છે

( મલાડ તા. ૧૧-૫-૭૮ થી ૧૪-૫-૭૮ )

અનાદિથી જે મોહની સેના છે તેને કઈ રીતે જીતવી? તેને જીતવાનો ઉપાય શું?–એ ઉપાય આચાર્ય મહારાજ અહીં બતાવે છે. જેણે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાત્રમાં જાણી લીધા છે એવા અર્હંતદેવના દ્રવ્યને, ગુણને ને પર્યાયને પ્રથમ ખરેખર જાણવા. ખરેખર એટલે? –કે તેમને જાણીને પોતે પણ તેમના જેવો છે એમ મેળવણી કરવા માટે સ્વના લક્ષે અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવા. હું અર્હંતદેવની નાતનો ને જાતનો જ છું એમ આત્માને જાણવાના લક્ષે અર્હંતદેવના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવા. એ રીતે રાગમિશ્રિત દશામાં પોતાનો આત્મા પણ દ્રવ્ય–ગુણ–પર્યાયમય છે એમ વિકલ્પમાં આત્માને કળી લેવો. જેવો અર્હંતદેવનો આત્મા છે તેવો જ તેની નાતનો ને જાતનો મારો આત્મા છે એમ મનથી કળી લેવો. ત્રિકાળી કાયમ રહેનારું ધ્રુવ ચેતન તત્ત્વ તે દ્રવ્ય છે, ચૈતન્ય આદિ અનંતા ગુણો છે અને તેની એક સમયમાત્રની મર્યાદાવાળી પર્યાયો છે તેમ અર્હંતદેવને ખરેખર જાણીને પોતાને કળી લેવો. એ રીતે રાગમિશ્રિત દશામાં આત્માને કળીને વર્તમાન પર્યાયનું લક્ષ છોડીને, ગુણગુણીના વિકલ્પનું પણ લક્ષ છોડીને, વર્તમાન પર્યાયને દ્રવ્ય સન્મુખ કરીને કેવળ આત્માનું લક્ષ કરવાથી નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પમાય છે કે જેના નિષ્કંપ નિર્મળ પ્રકાશ વડે મોહઅંધકાર પ્રલય પામે છે. મોહની સેનાને જીતવાનો આ ઉપાય છે.

( શ્રી પ્રવચનસાર, ગાથા ૮૦, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

આ એક પ્રવચનસાર સિદ્ધાંત છે. પ્ર એટલે દિવ્ય અને વચન એટલે ધ્વનિ. ભગવાનની વાણી છૂટે તેને દિવ્યધ્વનિ કહે છે. દિવ્યધ્વનિ કહો કે પ્રવચન કહો. આ ભગવાન આત્માથી શરીર ને કર્મ તો ભિન્ન છે પણ તેનામાં જે શુભાશુભભાવ થાય તે અનિષ્ટ છે, અરિ છે. તે અરિને એટલે કે વેરીને જેણે હણ્યા ને ઇષ્ટપણું પ્રગટ કર્યું એટલે કે નિર્મળાનંદ ચૈતન્ય ધ્રુવને પર્યાયમાં પ્રગટ કર્યો ત્યારે અરિહંત થયા. શક્તિમાંથી કેવળજ્ઞાનાદિ પ્રગટ કર્યું તેને અરિહંત પરમાત્મા કહે છે. તે પરમાત્માને શરીર હોય ત્યાં સુધી વાણી હોય છે. તે વાણીને દિવ્યધ્વનિ કહેવામાં આવે છે. તેને અહીં પ્રવચનસાર કહેવામાં આવે છે. તેમાં આ ૮૦ મી ગાથા છે.

અહીં આચાર્યદેવ કહે છે કે મિથ્યાત્વ રાગ ને દ્વેષ એ બધી મોહની સેના છે, ભગવાન આત્માના સ્વભાવથી દુઃખરૂપ દશા છે.–તેને કઈ રીતે જીતવી એ આપણે વિચારીએ.–એમ વિચારક જીવને સાથે લઈને કહે છે, પરંતુ તેમને મોહસેનાને જીતવી બાકી નથી. અનંત ચીજ છે તે જ્ઞાનમાં જાણવા લાયક ચીજ છે, તેમાં ઇષ્ટ–અનિષ્ટપણાની કલ્પના કરવી તે રાગ–દ્વેષ છે. હું પરને જીવાડી શકું, હું પરને સુખી કરી શકું ઇત્યાદિ મિથ્યાત્વ ભાવ છે. અસંખ્ય પ્રકારના શુભાશુભ ભાવો અને મિથ્યાત્વને મોહની સેના કહેવામાં આવે છે. એ મોહસેનાને કઈ રીતે જીતવી–એમ જીતવાના ઉપાયનો વિચાર કરે છે. આચાર્યદેવને વિચારવાનું બાકી ક્યાં છે? પણ સંતોની કરુણા છે ને એટલે મોહને જીતવાના ઉપાયનો વિચાર કરીએ એમ કરુણાથી કહ્યું છે.

અનાદિકાળની મિથ્યાત્વદશા અને શુભાશુભભાવ છે તે દુઃખની દશા છે, એ દુઃખની દશાને જીતીને આનંદની દશા કેમ થાય ?–તે અહીં કહે છેઃ–

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

અહીં મિથ્યાત્વના નાશની વાત કહે છે.

## ❁ અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને ખરેખર જાણ ❁

જેને જાણવાનું કાંઈ બાકી નથી, જગતના બધા રહસ્યો–ત્રણકાળ ને ત્રણલોક જાણ્યા છે તેને અર્હંત કહે છે. જે ખરેખર અર્હંતને જાણે છે તે આત્માને જાણે છે. 'ખરેખર'–એમ કેમ કહ્યું ?–કે એમ ને એમ જાણે–ધારણાથી જાણે તે નહીં પણ ખરેખર અર્હંતને જાણે છે ત્યારે જાણ્યા કહેવાય.

જે ખરેખર અર્હંતને તેના દ્રવ્યપણે જાણે છે, ગુણપણે જાણે છે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે. ત્યાં પર્યાયના બે પ્રકાર છે. આત્મા અનંતપ્રદેશી છે તેના આકારની પર્યાય તે વ્યંજનપર્યાય છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ પર્યાય તે અર્થપર્યાય છે. જે કોઈ અર્હંતને ખરેખર જાણે છે એમ કેમ કહ્યું ?–કે અર્હંતને જાણીને પોતાને જાણવો છે તેની અહીં વાત લેવી છે, બાકી એમ ને એમ તો અનંતવાર અર્હંત પરમાત્માની પૂજા આદિ કર્યા છે. તેથી અહીં કહે છે કે જે કોઈ ખરેખર અર્હંતને જાણે છે તેની દ્રષ્ટિ આત્મા પર જાય છે.

જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે ગુણપણે અને પર્યાયપણે જાણે છે–ખરેખર જાણે છે, શું કરવા જાણે છે ?–કે પોતે એના જેવો છે એમ આત્મામાં જોડાવા માટે અર્હંતને જાણે છે–તે ખરેખર આત્માને જાણે છે. અર્હંતને જાણીને આત્મા સાથે મેળવ્યું તેને ખરેખર જાણ્યું કહેવાય છે. અર્હંતને જાણવામાં શું કામ આવ્યા ?–કે હું તેની નાતનો ને જાતનો તેની હારમાં બેસું એવો આત્મા છું એમ આત્માને જાણવા માટે અર્હંતને ખરેખર જાણવામાં આવ્યો છે.

જ્ઞાનમાં જાણ્યું હોય તે આત્મામાં મેળવે ત્યારે ખરેખર જાણ્યું કહેવાય. બાકી દ્રવ્યલિંગીએ અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું છે પણ આત્માને જાણ્યો નથી તેથી તેણે ખરેખર જાણ્યું નથી. પરંતુ અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને જેણે આત્માને જાણ્યો તે ખરેખર જાણ્યું છે. એ સિવાયનું એકલું જાણપણું, ધારણા એ તો એકડા વિનાના મીંડા સમાન છે.

અર્હંત તો પરદ્રવ્ય છે, તેને જાણે તો આત્માને જાણે એ તો નિમિત્તથી કથન કર્યું છે. પરંતુ અર્હંતને જાણીને આત્મામાં મેળવણી કરે છે ત્યારે અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને ખરેખર જાણીને આત્માને ખરેખર જાણે છે. જે ખરેખર અર્હંતને જાણે છે તે આત્મા એવો છે એમ જાણ્યા વગર રહેશે નહીં. જેને આત્મા જાણવો છે તે અર્હંતના દ્રવ્ય–ગુણ –પર્યાયને ખરેખર જાણે ત્યારે અર્હંતને જાણ્યા છે ને તે આત્માને જાણશે.

## જે અર્હંતને ખરેખર જાણે તે પોતાને ખરેખર જાણે

કેવળજ્ઞાન જેને પ્રગટ થયું છે એવા અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જેણે પોતાના આત્માને જાણવા માટે ખરેખર જાણ્યા છે તે પોતાના આત્માને ખરેખર જાણે છે. અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવાનો હેતુ શું ?–કે હું એવો છું એમ અર્હંતને જાણવાનો હેતુ છે. સર્વજ્ઞ પરમાત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તેને પોતાનો આત્મા

જણાય, કેમ કે અંદર દ્રવ્યસ્વરૂપ એના જેવું છે, એના જેટલા ગુણો છે તેટલા જ મારામાં છે, કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી. ત્રિલોકીનાથના દ્રવ્ય–ગુણ ને પર્યાય અને આત્માના દ્રવ્ય–ગુણ ને પર્યાય એટલા જ હોય, કેમકે જેમ દશાશ્રીમાળી એક કરોડપતિ હોય ને બીજો ગરીબ હોય પણ બન્નેની નાત તો એક જ છે, તેમ અર્હંતમાં ને પોતામાં વર્તમાન પર્યાયમાં ફેર છે પણ એ તો અલ્પજ્ઞ દશા છે માટે. પરંતુ મતિજ્ઞાનની એ પર્યાય કેવળજ્ઞાનને બોલાવે છે કે અમે આત્માને જાણ્યો છે તેથી જેવી શક્તિની વ્યક્તિ કેવળીને છે તેવી કેવળજ્ઞાનની વ્યક્તિ હવે અમને આવો એમ મતિજ્ઞાન–સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે–એમ ધવળમાં પાઠ છે.

નિશ્ચયથી બન્નેમાં ફેર નથી. જેમ ઘઉંના લાખ દાણા હોય પણ તે દરેકમાં ઘઉંનો લોટ થવાની તાકાત પડી છે તેમ દરેક આત્મામાં કેવળજ્ઞાનાદિરૂપે થવાની તાકાત પડી છે તેથી આત્મામાં ને પરમાત્મામાં વસ્તુ તરીકે કોઈ ફેર નથી.

મોક્ષપાહુડમાં **'परदव्वाओ दुग्गई'** કહ્યું છે અને અહીં કહ્યું કે પરદ્રવ્ય એવા અર્હંતને જાણતાં સમ્યગ્દર્શન થાય છે પણ તેનો અર્થ ?–કે મારો આત્મા અર્હંત જેવો ને જેવડો છે એમ જાણવા માટે અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે એમ કહેવું છે. શાસ્ત્રમાં તો એમ કહે છે કે પરલક્ષી જ્ઞાન છે તે આત્મજ્ઞાનનું કારણ નથી ને અહીં તેને કારણ કહે છે. ૩૧મી ગાથામાં એમ કહે છે કે ઇન્દ્રિયથી થતું ભાવ ઇંન્દ્રિયજ્ઞાન તે ઇંન્દ્રિયજ્ઞાન છે, ભગવાનના લક્ષે ને ભગવાનની વાણીથી થયેલું જ્ઞાન તે પરલક્ષી જ્ઞાન છે. તેનું લક્ષ છોડીને પોતાના સ્વભાવના લક્ષમાં જાય છે–અતીન્દ્રિય આનંદની દશામાં તેને અનુભવે છે તેને જિતેન્દ્રિય જિન કહે છે. અહીં કહે છે કે જે કોઈ ખરેખર અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે એટલે કે એના જેવો હું છું એમ જાણીને આત્મા તરફનું વલણ કરે છે તેણે ખરેખર અર્હંતને જાણ્યા છે. જેને અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને ત્યાં ઊભું રહેવું છે તેની વાત નથી લીધી. કઈ અપેક્ષા છે ભાઈ !–તે સમજવી જોઈએ.

## ❁ પોતાનું સ્વરૂપ કેવડું છે એ જાણવા માટે અર્હંતને જાણવા ❁

અર્હંતના દ્રવ્યને, ગુણોને ને પ્રગટ પર્યાયોને ખરેખર જાણે, શું કામે જાણે ?–કે પોતાને આત્માને જાણવા માટે જાણે, તે ખરેખર આત્માને જાણે છે. જેણે ખરેખર પરમાત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા–પોતાના આત્માને જાણવાના હેતુથી જાણ્યા–તે ખરેખર આત્માને જાણે છે. ખરેખર અર્હંતને જાણ એમ કહેતાં આત્માને જાણવાના લક્ષે જાણ એમ કહેવું છે. 'ખરેખર' શબ્દમાં ઘણું વજન છે. આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વને અનંતવાર

કંઠસ્થ કર્યા છે પણ એ કોઈ વસ્તુ નથી. તેથી કહે છે કે પોતાનું સ્વરૂપ કેવડું છે એ જાણવા માટે જેણે ખરેખર અર્હંતને જાણ્યા છે–લોકોને સંભળાવવા માટે કે વાતો કરવા માટે નહીં પણ પોતાના આત્માને જાણવા માટે જે ખરેખર અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે, તે આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં ખરેખર તફાવત નથી. તફાવત નથી એટલે ?–કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સર્વજ્ઞમાં ને પોતાના આત્મામાં તફાવત નથી. સર્વજ્ઞ જેવડી પર્યાય પ્રગટ કરે એવડી તાકાતવાળું મારું દ્રવ્ય છે માટે બન્નેમાં ખરેખર તફાવત નથી.

અહીં અર્હંત કહ્યાં છે, અર્હંત એટલે જેને કાંઈ જાણવાનું બાકી નથી. એવા અર્હંતનું સ્વરૂપ જેમ સુવર્ણને સોની છેલ્લો તાપ આપે છે ત્યારે એકલું સોનું રહે, સોળવલું સોનું રહે તેમ અર્હંતનું સ્વરૂપ પરિસ્પષ્ટ છે. શુક્લ ધ્યાનનો છેલ્લો તાપ આપ્યો હોવાથી તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું છે–એમ અર્હંતને જાણનારો તેમણે કેવી રીતે કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે એ વિધિને પણ જાણે છે.

અર્હંતનો આત્મા શુક્લ ધ્યાનનાં છેલ્લા તાપને લીધે જ્ઞાન ને આનંદ આદિથી પરિસ્પષ્ટ–અત્યંત સ્પષ્ટ થઈ ગયો છે. બધા ગુણો પર્યાયમાં પ્રગટ થઈ ગયા છે, કોઈ ગુણ પર્યાયમાં ઊણો કે અધૂરો રહ્યો નથી. ભગવાનનું સ્વરૂપ પરિસ્પષ્ટ થયું હોવાથી તેમનું એટલે કે પરમાત્માનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે. બધા ભગવાન આત્મા સાધર્મી પ્રભુ છે. જેનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ થયું છે તેથી તેને જાણવાથી સર્વ આત્માનું જ્ઞાન થાય છે એટલે કે સર્વજ્ઞનું જ્ઞાન થતાં સર્વ આત્મા પણ એવા છે એમ જ્ઞાન થાય છે. જેને સ્પષ્ટ સર્વજ્ઞદશા પ્રગટી છે એવા અર્હંતનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે.

હવે દ્રવ્ય–ગુણ–પર્યાયની વાત કરે છેઃ

જે છે...છે...છે...કાયમ એકરૂપે રહેનાર છે, ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ છે, તે...તે...તે...છે, જેને શાસ્ત્રમાં ચૈતન્યપૂર કહ્યું છે તે દ્રવ્ય છે. ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ...પ્રવાહ અન્વય તે દ્રવ્ય છે. દ્રવ્ય કોને કહીએ ?–કે જે ધ્રુવ...ધ્રુવ કાયમ રહે, ધ્રુવપ્રવાહ તે દ્રવ્ય છે. અન્વય એટલે કાયમ વસ્તુ રહે તે દ્રવ્ય.

જાગતો જીવ ઊભો છે, ઊભો છે તે ધ્રુવ છે, ધ્રુવ છે તે અન્વય છે, અન્વય તે દ્રવ્ય છે. એમને એમ રહેનારું તે દ્રવ્ય છે. દ્રવ્ય એટલે પૈસા નહીં હો! ચેતન ચેતન ચેતનનો પ્રવાહ તે દ્રવ્ય છે. તે દ્રવ્યનું વિશેષણ તે ગુણ છે, વિશેષ્ય તે દ્રવ્ય છે. ત્રિકાળી વસ્તુ તે વિશેષ્ય છે અને તેનું વિશેષણ જે દર્શન જ્ઞાન આદિ તે ગુણ છે. દ્રવ્યની શક્તિ

તે ગુણ છે. જેમ સોનું તે દ્રવ્ય અને પીળાશ, ચીકાશ, વજન તોલ આદિ તેના ગુણ છે અને કુંડલ કંકણ આદિ તેની પર્યાય છે. તેમ અર્હંતનો આત્મા તે દ્રવ્ય છે અને તેમાં જે દર્શન જ્ઞાન આદિ શક્તિ તે ગુણ છે. વિશેષ્ય તે દ્રવ્ય છે અને વિશેષણ તે ગુણ છે, તે વિશેષણ વડે વિશેષ્ય જણાય છે. દ્રવ્ય છે તે કાયમ ટકતું તત્ત્વ છે અને તેમાં જે ગુણો છે તે વિશેષ્યને જણાવનારું વિશેષણ છે.

વસ્તુમાં ત્રિકાળી જાણવું દેખવું–જ્ઞાનદર્શન તે ગુણ છે અને કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ વર્તમાન અંશ છે તે પર્યાય છે. દ્રવ્યની જે ભિન્ન ભિન્ન અવસ્થાઓ થાય તે પર્યાય છે. કેવળજ્ઞાન છે તે પર્યાય છે કેમકે તે ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થાય તે ગુણ ન હોય પણ તે પર્યાય હોય. તેથી કેવળજ્ઞાન છે તે પર્યાય છે. આ તો જિનેશ્વરના માર્ગનો એકડો થવા પહેલાનું મીંડુ છે. એકલું મીંડુ જુદી જાતનું હોય ને એકડો થવાનું મીંડુ જુદી જાતનું હોય, આ એકડો થવા પહેલાનું મીંડુ છે ને પછી એકડો થાય છે. સિદ્ધને આઠ ગુણ પ્રગટે છે, પ્રગટે છે તે પર્યાય છે, ગુણ પ્રગટે નહીં. દ્રવ્ય ને ગુણ તો બધા આત્માના વિશુદ્ધ છે પણ પરમાત્માની તો દશા પણ વિશુદ્ધ છે, કે જેની વાણી સાંભળવા ઇન્દ્રો આવે છે.

## ❁ નિજ આત્માને મન વડે કળી લે ❁

હવે કહે છે કે સર્વતઃ વિશુદ્ધ એવા અર્હંતના દ્રવ્ય–ગુણ ને પર્યાયનો ખ્યાલ કરતાં એટલે કે વિકલ્પમાં રાગમિશ્રિત દશામાં ખ્યાલ કરતાં જીવ ત્રણે પ્રકારમય સમયને–પોતાના આત્માને પોતે ઓળખી લે છે. મારો પ્રભુ પણ દ્રવ્ય ગુણ ને પર્યાયમય છે એમ મન વડે કળી લે છે, વિકલ્પ વડે કળી લે છે. જિનેશ્વરદેવનો આત્મા અને તેના ગુણ–પર્યાયને જેણે ખ્યાલમાં લીધા છે તે એવો જ મારો આત્મા છે એમ મન વડે કળી લે છે.

તેં જો ભગવાનના દ્રવ્ય ગુણ–પર્યાયને ખ્યાલમાં લીધા તો હું પણ તે દ્રવ્ય–ગુણ –પર્યાયમય આત્મા છું એમ મન વડે કળી લે. આત્મા વડે કળી લે તો તો સમ્યગ્જ્ઞાન થાય પણ હજુ તો મન વડે કળી લે છે તેમ કહ્યું છે. જેણે અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા તેણે એવો જ દ્રવ્ય ગુણ પર્યાયવાળો મારો આત્મા છે, તેની નાતનો ને જાતનો મારો આત્મા છે એમ મનથી જાણી લે છે. વિકલ્પ છે તે રાગ છે તેથી મન વડે જાણે છે ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી હો! પહેલાં તો અર્હંતના દ્રવ્ય ગુણ–પર્યાયને જાણવા પછી મારો આત્મા પણ એવો છે–એમ મન વડે જાણવો. મન વડે કઈ રીતે જાણે છે તે કહે છેઃ–

‘આ ચેતન છે’ એવો જે અન્વય તે દ્રવ્ય છે એટલે કે ચેતન ચેતન એવું કાયમ

રહેનારું તે હું દ્રવ્ય છું. જાણક જાણક જાણક એવો જે દ્રવ્યસ્વભાવ તે હું દ્રવ્ય છું. હજી તો મનથી પોતાને શું-કેવો જાણે છે તે કહે છે કે આ કાયમ રહેનારી ચીજ છે જે કાલે હતી, જે પૂર્વે હતી, જે અનાદિ અનંત ચીજ છે તે હું દ્રવ્ય છું. તેના આશ્રિત રહેલું 'ચૈતન્ય' તે ગુણ છે. ચેતનને ચૈતન્યમાં ફેર છે. ચેતન તે દ્રવ્ય છે અને ચૈતન્ય તે તેનો ગુણ છે. ચેતનનું ચૈતન્ય તે વિશેષણ-ગુણ છે. ચેતન તે વિશેષ્ય છે અને ચૈતન્ય તે તેનું વિશેષણ છે. હજી તો મન વડે વિકલ્પ વડે આવો નિર્ણય કર્યો છે.

એક સમયમાત્રની મુદ્દતવાળી દશા છે તે પર્યાય છે. સિદ્ધની અવસ્થા પણ એક સમય માત્રની દશા છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળ હોવા છતાં તેની પર્યાય એક સમયમાત્રની છે. એ એક પર્યાય બીજી પર્યાયમાં જતી નથી માટે તેને અન્વયના વ્યક્તિરેકો કહેવામાં આવે છે.

આ ચેતન છે, ત્રિકાળી ધ્રુવ એવો જે અન્વય તે દ્રવ્ય છે એમ મનથી જાણ્યું, પણ તે વિકલ્પ છે અને તે પણ બંધનું કારણ છે. ત્રિકાળી ધ્રુવ ચેતન તે દ્રવ્ય એમ મનથી જાણ્યું પણ તે આત્મજ્ઞાન નથી. ચેતન ચેતન દ્રવ્ય દ્રવ્ય તેને આશ્રિત રહેલું ચૈતન્ય તે ગુણ છે. ભગવાન ધ્રુવસ્વરૂપ તેને આશ્રિત રહેલું ચૈતન્ય તે ગુણ તે વિશેષણ છે. દ્રવ્ય વિશેષ્ય છે અને ચૈતન્ય તે તેનું વિશેષણ છે અને દ્રવ્યમાં એક સમયમાત્રની મર્યાદાવાળી પર્યાય છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળી છે અને તેની વર્તમાન પર્યાય તે એક સમયમાત્રની છે.

ચેતન તે દ્રવ્ય છે, તેને આશ્રિત રહેલું ચૈતન્ય તે ગુણ છે અને તેની એક સમયની મર્યાદાવાળી દશા તે પર્યાય છે એમ મનથી નક્કી કર્યું ત્યાં સુધી વિકલ્પ છે. એક સમયમાત્રની મર્યાદાવાળી પર્યાય છે. કેવળજ્ઞાનની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો પણ તેની હદ એક સમયમાત્રની છે, બીજે સમયે બદલી જાય છે. એક સમયની પર્યાય છે તે બીજા સમયની પર્યાયમાં પ્રવર્તતી નથી. એક સમયની પર્યાય બીજા સમયની પર્યાયમાં ભળતી નથી, તેઓ પરસ્પર અપ્રવૃત્ત છે. ચાહે તે પર્યાય હો પણ તેની મુદ્દત તો એક સમયમાત્રની છે. તે પર્યાય પરસ્પર પ્રવૃત્ત નથી. દ્રવ્ય ને ગુણ તો સાથે રહેલાં છે પણ તેની એક સમયની પર્યાય બીજી સમયની પર્યાયમાં માંહોમાંહ પ્રવૃત્ત નથી.

પર્યાયની એક સમયની મુદ્દત હોવાથી તે બીજી સમયની પર્યાયમાં પ્રવર્તતી નથી. દ્રવ્ય-ગુણ ત્રિકાળી છે અને તેની એક સમયની મર્યાદાવાળી પર્યાયો પરસ્પર પ્રવર્તતી નથી એમ પહેલાં તો મનથી જાણે છે. પણ તે અંદરના દ્રવ્ય-ગુણ-પર્યાયને કળવાનો શુભ રાગ છે. એક સમયમાં અનંતગુણની અનંતી પર્યાયો છે પણ તે એક સમયમાત્રની મર્યાદાવાળી છે. એક સમયમાં અનંતા ગુણની અનંતી પર્યાયો છે તેને આત્માના પરિણમનની ગ્રંથિઓ-ગાંઠ કહી છે.

એ રીતે ત્રિકાળી આત્માને મનથી વિકલ્પથી એક સમયમાં કળી લે છે. હજુ આંગણે ઊભો છે, અંદરમાં ગયો નથી પણ વિકલ્પથી એક સમયમાં ત્રિકાળીક આત્માને કળી લે છે. દ્રવ્ય વસ્તુ પોતે જે પોતે સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે તેને એક કાળે મનથી કળી લે છે.

## ✿ પર્યાયનું લક્ષ છોડીને પર્યાયને અંતર્મુખ વાળવી ✿

હવે મોતીઓને ઝુલતા હારમાં સંક્ષેપવામાં આવે છે, મોતીઓને હારમાં સમાવવામાં આવે છે, તેમ આત્માની પર્યાયોને, અનંતગુણની એક સમયની મર્યાદાવાળી અનંતી પર્યાયોને ચેતન વસ્તુમાં સમાવી દઈને અથવા તો પર્યાયનું લક્ષ છોડી દઈને એટલે કે ભગવાન આત્માની જે અનંતી પર્યાયો છે તેને દ્રવ્યની તરફ વાળવી તેને સંક્ષેપવી કહેવાય. ભૂત ને ભવિષ્યની પર્યાય અંતર્ગત છે પણ વર્તમાન પર્યાય છે તેનું લક્ષ છોડી દઈને, જેમ મોતીનું લક્ષ છોડી દઈને હારનું લક્ષ કરવું, તેમ પર્યાયનું લક્ષ છોડીને અંતરમાં જવું. પ્રભુ! તારે તારો આત્મા જેવો ને જેવડો છે તેવો ને તેવડો મેળવવો હોય તો અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને, મનથી તારા આત્માને જાણીને, હવે પર્યાયનું લક્ષ છોડી દે ને દ્રવ્યનું લક્ષ કર. અસંખ્ય પ્રદેશે દરેક પ્રદેશે ધ્રુવપણું પણ છે ને પર્યાય પણ છે, પણ તે પર્યાય ધ્રુવમાં પેસતી નથી. જેમ પાણીના દળમાં તેલનાં ટીપાં પ્રવેશતા નથી, ઉપર ઉપર રહે છે, તેમ ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ પ્રભુ છે, તેમાં જે પર્યાય છે તે પેસતી નથી. કેમ કે પર્યાય છે તે એક અંશ છે. જે પર્યાય ઉપર ઉપર છે તેને દ્રવ્યમાં સંક્ષેપવી એટલે કે પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કરવું.

દયા–દાન આદિના વિકલ્પ તો ક્યાંય રહી ગયા પણ તેને જાણનારી જે પર્યાય છે તેને પણ અંદર વાળી લેવી તેમ કહે છે, જ્ઞાન આદિ અનંત ગુણની જે અનંતી વર્તમાન પર્યાય છે તેને જેમ મોતીને હારમાં સંક્ષેપે છે તેમ અનંતી પર્યાયને દ્રવ્ય સન્મુખ કરી લેવી. દુષ્કર લાગે પણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે બાપુ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નીકટ બિરાજે છે, સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી. તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ ભાઈ!

## ✿ ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડ ✿

જે ચિદ્‌વિવર્તો છે તેને ચેતનમાં જ સંક્ષેપવી એટલે કે જે પર્યાય છે તેને ચેતનમાં સંક્ષેપવી એમ કહીને હવે બીજી વાત કહે છે કે જે ચેતન દ્રવ્ય છે તે વિશેષ્ય છે અને તેના જ્ઞાન–દર્શન આદિ ગુણો છે તે વિશેષણ છે. એ અનંત ગુણને લક્ષમાં લેવા તે ભેદવાળી

દ્રષ્ટિ છે. ભગવાન આત્મા વસ્તુ તે વિશેષ્ય છે. તે દ્રવ્ય છે અને તેના ગુણો તે વિશેષણ છે. ચૈતન્ય તે ગુણ અને ચેતન તે દ્રવ્ય એવું જે વિશેષણ વિશેષ્ય છે તેની વાસના છોડી દે એટલે કે એવા ભેદનું વલણ છોડી દે. જેને ધર્મની પ્રથમ ભૂમિકા–સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેને કહે છે કે તારી પ્રભુતાનો પાર નથી ભાઈ! પણ એક સમયની પર્યાયની પામરતાની નજરમાં પ્રભુતા નહીં આવે. તેથી કહે છે કે વિશેષણ–વિશેષ્યપણાના ભેદને છોડી દે.

વસ્તુ છે તે ત્રિકાળી દ્રવ્ય છે અને આ ચૈતન્ય છે તે ગુણ છે એવો જે ભેદ વિકલ્પ છે તે કલ્પના છે, ગુણ ને ગુણી અભેદ છે. તેથી ગુણ અને ગુણીના ભેદની કલ્પનાનું લક્ષ તું છોડી દે. ભેદનો અભિપ્રાય છોડી દે. શરીરાદિથી નિરાળો પ્રભુ છે તેમાં ગુણ અને ગુણીના ભેદરૂપી જે અભિપ્રાય છે તેને છોડી દે, ભેદનો અભિપ્રાય છે તે તને લાભ નહીં કરે. પ્રભુ! આ કરી લે, નહીં તો જીવન ચાલ્યા જશે ને ભવ બગડી જશે ભાઈ!

પહેલાં પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે. સમજાવવામાં તો ક્રમ પાડયા સિવાય શી રીતે સમજાવે? તેથી કહે છે કે પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ–ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે–અદ્રશ્ય કરી દે–ઢાંકી દે. વસ્તુ જે દ્રવ્ય છે એટલે કે ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે. આ તો ત્રણલોકના નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું તેની વિધિની આ રીત છે.

જ્યાં પ્રભુ દ્રવ્ય વસ્તુ બિરાજમાન છે ત્યાં તેના ગુણભેદને ઢાંકી દે એટલે કે ગુણ–ભેદનું લક્ષ છોડી દે. લક્ષ છોડવું કેમ?–કે પોતે છોડે તો છૂટી જાય. પોતે અંતરમાં જાય તો ગુણ–ગુણીના ભેદને ઢાંકી–છોડી દે છે. ધર્મની પ્રથમ દશા કેમ પ્રાપ્ત થાય તેની આ વાત છે. વસ્તુ છે તે તો શરીર, રાગ આદિથી ભિન્ન છે પણ વિકલ્પથી જે વસ્તુને લક્ષમાં લીધી છે તે વિકલ્પને છોડીને વસ્તુને કેમ જાણવી તે કહે છે કે પર્યાય છે તેને અંતરમાં વાળીને ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડીને અંતરમાં વસ્તુ મોજૂદ છે ત્યાં હાલ્યો જા તો વસ્તુ હાથમાં આવશે.

## અભેદની દ્રષ્ટિ કર

ગુણ–ગુણીના ભેદને તિરોધાન કરીને અભેદની દ્રષ્ટિ કર. ગુણી દ્રવ્ય ને જ્ઞાનદર્શન આદિ ગુણ એવા ભાવનું પણ લક્ષ છોડી દે. ભગવાન પૂર્ણાનંદ દ્રવ્ય વસ્તુ છે તેને દેખ અને આ આનંદ છે ને આ વસ્તુ છે એવા ભેદને અદ્રશ્ય કરી નાખ, તેને ન દેખ. ગુણ–ગુણીના ભેદ–વિકલ્પની વાસનાને અદ્રશ્ય કરી નાખ, તેને ન દેખ. પર્યાયનું લક્ષ છોડી

દે અને ગુણ–ગુણીના ભેદને અદૃશ્ય કરીને અભેદને દેખ, તેને જો, તને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થશે.

ગુણ–ગુણીના ભેદને અદૃશ્ય કરીને દ્રવ્યને દૃશ્યમાન કર. પ્રભુ! તારે જો તને જોવો હોય તો ગુણ–ગુણીના ભેદ અદૃશ્ય કરી નાખ ને અભેદ ઉપર દૃષ્ટિ કર. વસ્તુ એકરૂપ ત્રિકાળી છે તેમાં અનંત ગુણો છે ખરા, પણ અભેદની દૃષ્ટિમાં ભેદ દેખાય નહીં માટે ભેદને અદૃશ્ય કરી નાખ ને અભેદને દેખ. જાણે કે ગુણ–ગુણીના ભેદ છે નહીં તેમ અલોપ કરી નાખ, તિરોધાન કરી નાખ, ઢાંકી દે, અદૃશ્ય કરી નાખ.

ત્રણ લોકનો નાથ આત્મવસ્તુ અભેદ છે, તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ગુણ–ગુણીના ભેદમાં લક્ષ રહેતાં વિકલ્પ ઉઠશે, રાગ થશે, બંધન થશે. તેથી ગુણ–ગુણીના ભેદને જાણતો નથી એમ અલોપ કરી દેને! અને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ દેને ભાઈ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે પણ દ્રવ્ય ને ગુણની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું.

જેમ ધોળાશને હારમાં અંતર્હિત–ગુપ્ત–અદૃશ્ય–અલોપ કરવામાં આવે છે તેમ ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને ભેદનું લક્ષ છોડી દે. આનંદનો નાથ ને આ આનંદ એવા ભેદને પણ છોડી દે. જન્મ–મરણથી રહિત દશા છે તે પ્રગટ કરવા શું કરવું?–તેની વિધિની આ રીત ચાલે છે. ચેતન વસ્તુ છે અને જાણવું–દેખવું–આનંદ આદિ ગુણ છે એમ વિશેષ્ય ને વિશેષણ એવા જે ભેદ છે તેને લક્ષમાંથી છોડી દે. દયા–દાનના વિકલ્પ તો છોડી જ દે કેમ કે એ બધા વિકલ્પો પ્રભુ! તારી ચીજમાં નથી. તારી ચીજમાં ત્રણ છેઃ એક ત્રિકાળી વસ્તુ છે, તેની અનંતી શક્તિઓ છે અને તેની ક્ષણિક દશાઓ છે, તેમાં જે જાણવા–દેખવા આદિની દશાઓ છે તેને અંદર સંકેલી લે એટલે કે એ દશાઓનું લક્ષ છોડીને તેને ચેતનની સન્મુખ કર તથા જે ગુણ–ગુણીના ભેદ છે તેને અંતર્ધાન કરી દે એટલે કે એ ભેદનું લક્ષ છોડી દે અને જે એક ત્રિકાળી વસ્તુ છે તેની દૃષ્ટિ કર.

જેમ મોતીને હારમાં સમાવેશ પમાડીને હાર જોવે તેમ ચિદ્પરિવર્તન એટલે કે ચૈતન્યની દશાઓ છે તેને ચેતનની સન્મુખ કર, અંતર્મુખ કર. ચિદાનંદનો નાથ પોતે છે તેની સન્મુખ પર્યાયને વાળ. વર્તમાન જે દશા છે તેની તરફનું લક્ષ છોડી દે ને જ્યાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે ત્યાં દશાને વાળ. તારી વર્તમાન જાણવાની વ્યક્ત દશા છે તેનું લક્ષ છોડીને જે વસ્તુ અવ્યક્ત છે તેનું લક્ષ કર. વર્તમાન દશાના અંશ પરથી લક્ષ છોડી દે અને સ્વભાવ અને સ્વભાવવાન એવા ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડી દે. પ્રભુ! તારી જાણવાની વ્યક્ત અવસ્થા છે કે જેમાં કાર્ય થાય છે એ દશાને પણ અંતરમાં સંક્ષેપ.

## ❁ કેવળ આત્માને જાણ ❁

જેમ હારમાં પહેલાં મોતીના લક્ષને છોડાવ્યું પછી કહ્યું કે ધોળાશ છે તેનું પણ લક્ષ છોડીને એકલા હારને દેખે છે. તેમ પર્યાયનું ને ભેદનું લક્ષ છોડીને એકલા ચેતનનું લક્ષ કર, ત્યારે તને પ્રભુનો ભેટો થશે. અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય આનંદનો ધરનાર એવા ભેદ છે તે વિકલ્પ છે, તેને છોડી દે. કામ આકરું છે પણ તેના ફળ પણ અલૌકિક છે ને! કહે છે કે દુઃખનું લક્ષ તો છોડી દે પણ દુઃખની દશાનું જ્ઞાન કરનારી પર્યાયનું પણ લક્ષ છોડી દે અને આનંદનો નાથ ને આનંદ એવા વિશેષ્ય–વિશેષણના ભેદનું લક્ષ પણ છોડી દે ને કેવળ આત્માને જાણ.

પર્યાયને દ્રવ્યમાં વાળી ને ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડી દીધું ત્યારે કેવળ આત્મા જાણવામાં આવે છે. શાસ્ત્રથી ને મનથી આત્માને જાણવો તે પરલક્ષી જ્ઞાન હતું, તેનાથી આત્મા જણાય નહીં, પણ જ્યારે વર્તમાન પર્યાયને અંતર્મુખ વાળે ને ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડે ત્યારે આત્મા જણાય છે. વસ્તુ ત્રિકાળી સત્ સત્ સત્ છે અને તેમાં ગુણ પણ છે છે ને છે, છતાં એવા ભેદનું લક્ષ છોડી દે, નહિ તો આત્મા હાથ નહીં આવે.

પુણ્ય–પાપ ઉપર તો લક્ષ નહીં પણ વર્તમાન હાલતનું પણ લક્ષ છોડીને તથા ગુણ ગુણીના ભેદનું લક્ષ છોડીને કેવળ આત્માને જાણતાં, એકરૂપ ચીજ પોતે છે તેના ઉપર દ્રષ્ટિ થતાં રાગ થાય છે. તેનો કર્તા, રાગ તે કર્મ અને રાગ પોતાની ક્રિયા–એ ક્ષણે–ક્ષણે ક્ષય પામે છે ને તેના સ્થાનમાં નિર્મળાનંદની દશા પ્રગટ થાય છે.

એ રીતે પર્યાયમાં જે વિકલ્પની વૃત્તિઓ છે તે ક્ષણે–ક્ષણે નાશ થઈને પર્યાયમાં નિષ્ક્રિય એવા ચિન્માત્રભાવને સમકિતી પામે છે. ધર્મની પર્યાય છે તે ક્રિયા છે, એ ક્રિયાને પણ જે કરતો નથી એવા નિષ્ક્રિયભાવને સમકિતી પામે છે. ત્રિકાળી નિષ્ક્રિયભાવપર્યાય વિનાનો ભાવ તેને સમકિતી પામે છે. પર્યાયમાં નિષ્ક્રિયભાવને પામે છે. અવસ્થા છે ખરી પણ વસ્તુ છે તે અવસ્થા વિનાની છે. અવસ્થા ઉપર ઉપર રહે છે, તે વસ્તુમાં પેસતી નથી. સમકિતી વર્તમાન દશામાં એ ત્રિકાળી ચિન્માત્રભાવને પામે છે. એકલો જ્ઞાયકસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ તેને દશામાં પામે છે અને તેને ધર્મનું પહેલું પગથિયું કહેવામાં આવે છે.

હારની ખરીદી કરતી વખતે ખરીદનાર હાર તેની ધોળાશ ને તેના મોતી બધાની પહેલાં પરીક્ષા કરે છે. પરંતુ પછી ધોળાશને ને મોતીઓને હારમાં જ સમાવી દઈને એટલે કે આ હાર, ધોળાશ ને મોતી એવા વિસ્તારને બદલે ધોળાશને ને મોતીને હારમાં સમાવી દઈને–તેનું લક્ષ છોડી દઈને કેવળ હારને જ જાણે છે. જો તે એમ ન કરે તો

મોતી ધોળાશ આદિના વિકલ્પમાં હાર પહેરવાનાં સુખનું વેદન કરી શકે નહીં.

તેમ પહેલાં દ્રવ્ય ગુણ–પર્યાયને જાણે, પહેલાં ભેદ આદિના વિકલ્પો હોય છે પણ પછી પર્યાયને સંક્ષેપી નાખે છે અને ગુણ–ગુણીના ભેદને ટૂંકા કરી નાખે છે, સંક્ષેપી નાખે છે તેનો અર્થ શું ?–કે તેના ઉપરનું લક્ષ છોડી દે છે ને અનંતા ગુણોને જે પી ગયું છે એવું જે દ્રવ્ય છે તેને ધ્યેય બનાવીને કેવળ આત્માને જાણતાં ક્ષણે–ક્ષણે મલિનતા નાશ પામે છે ને વીતરાગતા પ્રગટે છે. મલિનતાનો ક્ષય થતો જાય છે, કરવો પડે છે એમ નથી કહ્યું–કેમ કે ક્ષણે–ક્ષણે નાશ પામતો જાય છે.

એ રીતે ક્ષણે ક્ષણે રાગનો ક્ષય થતો જતો હોવાથી સમ્યગ્દર્શનમાં એકલા ચૈતન્યના પ્રકાશનો પુંજ એવી ચીજને તે પામે છે. પરની ક્રિયા તો છોડી દીધી પણ સ્વભાવની દ્રષ્ટિ થતાં રાગની ક્રિયા પણ છોડી દીધી. જેમાં રાગની ક્રિયા નથી ને પર્યાયની ક્રિયા પણ જેમાં નથી એવી નિષ્ક્રિય ચીજને પામે છે. ધ્રુવ ચિન્મયભાવ, જ્ઞાયકભાવ તેને તે પામે છે.

વસ્તુ છે તે નિષ્ક્રિય છે, જેમાં મોક્ષ ને મોક્ષની ક્રિયા પણ નથી. વ્યવહારરત્નત્રય તો જેમાં નથી પણ નિર્મળ પર્યાય જે મોક્ષનો માર્ગ તે પણ નિષ્ક્રિય તત્ત્વમાં નથી, એવા નિષ્ક્રિય ચિન્મયભાવને સમ્યગ્દ્રષ્ટિ પામે છે. વર્તમાન દશાને દ્રવ્ય તરફ ઢાળતાં તે પૂર્ણાનંદના નાથને પામે છે અને એ રીતે મણિની જેમ નિર્મળ પ્રકાશને પામે છે. લાખ ને કરોડ રૂપિયાનો જે મણિ હોય તેના પ્રકાશને પવનની અસર ન થાય, પંખાની અસર ન થાય, દીવાના પ્રકાશની જેમ ઝબક–ઝબક ન થાય એવા મણિના પ્રકાશની જેમ નિર્મળ પ્રકાશ પ્રગટ જણાય છે.

જે રાગમાં પ્રવર્તતો હતો તે છૂટી ગયું ને જ્ઞાનના પ્રકાશમાં પ્રવતર્તો હોવાથી રાગ હો પણ સમકિતી તો જ્ઞાનના નિર્મળ અકંપ પ્રકાશમાં પ્રવર્તે છે. એવા જીવને એટલે કે સમ્યક્ કિરણો જેને ફાટયા છે–પ્રગટ થયા છે એવા જીવને ચૈતન્યપ્રકાશના આશ્રયે મિથ્યાત્વ–અંધકારનો નાશ થઈ જાય છે. મિથ્યા શ્રદ્ધારૂપી અજ્ઞાનનો અંધકાર હતો તે, જ્યાં ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થાય છે ત્યાં, ક્ષય થાય છે. કેમ ?–કે મોહ અંધકારને રહેવાનો આશ્રય રહ્યો નહીં, માટે મોહ–અંધકાર ક્ષય પામે છે, પ્રલય પામે છે. હજી રાજપાટ ભલે હોય છતાં સમકિતીને મોહ–અંધકાર નાશ પામે છે.

અહીં તો આચાર્યદેવ કહે છે કે અમને જે મોહ–અંધકાર નાશ પામ્યો તે પામ્યો, ફરીને અમને હવે એ મોહ–અંધકાર થવાનો નથી. જે અંધકારનો નાશ થયો છે એ અમને ફરી થવાનો નથી. મુનિરાજ કહે છે કે જો આમ છે તો મોહની સેનાને જીતવાનો ઉપાય અમે મેળવી લીધો છે. મિથ્યાત્વને નાશ કરવાનો ને રાગ–દ્વેષને નાશ કરવાનો ઉપાય અમે મેળવી લીધો છે અને એ મેળવેલો ઉપાય ફરીને ફરે એવો નથી એમ જયકાર બોલાવીને આત્માનું જ્ઞાન બતાવ્યું છે.

# વિકારનો કર્તા અજ્ઞાની પોતે છે પુદ્ગલકર્મ તેનો કર્તા નથી

**અજ્ઞાની એમ માને છે કે રાગાદિ અશુદ્ધતાનો કર્તા પુદ્ગલકર્મ છે તેની સામે અહીં વાત કરી છે કે જ્યાં સુધી આત્માની સમ્યક્ શ્રદ્ધા પૂર્વક આત્માનું જ્ઞાન નથી તેટલો કાળ રાગાદિ અશુદ્ધતાનો કર્તા જીવ પોતે જ છે, કેમકે અજ્ઞાની રાગાદિ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે. મિથ્યાત્વ આદિ ચેતનારૂપ અશુદ્ધ પરિણતિનો કર્તા અચેતન કર્મ નથી પણ અજ્ઞાની પોતે જ તેનો કર્તા છે. કર્મનો ઉદય આવે છે માટે જીવને રાગાદિ કરવા પડે છે એમ માને છે તે મિથ્યાત્વ છે, કેમ કે જો કર્મ રાગાદિનો કર્તા હોય તો સુખદુઃખાદિના ભોક્તાપણાનો કર્મને પ્રસંગ આવે. સુખદુઃખાદિનો ભોક્તા તો જીવ છે માટે જીવ રાગાદિ અશુદ્ધતાનો કર્તા છે, કર્મ તેનો કર્તા નથી.**

( શ્રી કળશટીકા, કળશ ૨૦૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૯–૨–૭૮ )

આ અનાદિ અજ્ઞાનીની વાત છે. વિકાર થાય છે તે જીવના પોતાથી થાય છે, કર્મ નથી કરતો. અજ્ઞાની અજ્ઞાનથી વ્યાપ્ય–વ્યાપકપણે થઈને રાગનો કર્તા થાય છે. પરંતુ શુદ્ધ ચૈતન્યસ્વભાવ દ્રષ્ટિમાં આવતાં ધર્મી શુદ્ધ સ્વભાવનો કર્તા થાય છે, તે રાગનો કર્તા થતો નથી. કેમ કે અનંત શક્તિમાં રાગને કરે એવી શક્તિ નથી તેથી ધર્મી રાગનો કર્તા ન થતાં તેનો જ્ઞાતાદ્રષ્ટા રહે છે. પરંતુ અહીં અજ્ઞાનીની વાત છે. પોતાના સ્વભાવનું સમ્યગ્દર્શન નથી. તેટલો કાળ રાગાદિ અશુદ્ધતા સાથે અજ્ઞાની

વ્યાપ્ય–વ્યાપકપણે પરિણમે છે. શ્રી જયસેનાચાર્યની ટીકામાં જીવ અને કર્મ–બેથી વિકાર થાય છે તેમ કહીને ઉપાદાન નિમિત્તનું ત્યાં પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. વળી સમયસારમાં વિકારને પુદ્‌ગલનો કહ્યો છે તેનો અર્થ કે જેને જ્ઞાન ને પ્રતીતિમાં ભગવાન આત્મા આવ્યો છે તે રાગનો કર્તા નથી તેથી તેને પુદ્‌ગલના કહ્યાં છે. પરંતુ અહીં તો વિકારનો કર્તા અજ્ઞાની આત્મા જ છે એમ સિદ્ધ કરવું છે.

જ્યાં સુધી આત્માનું જ્ઞાન નથી તેટલો કાળ જીવ રાગાદિ સાથે વ્યાપ્ય–વ્યાપકપણે પરિણમે છે એટલે કે ત્યાં સુધી અજ્ઞાની જીવ કર્તા ને રાગાદિ કાર્ય એમ પરિણમે છે. જ્ઞાની રાગનો બિલકુલ કર્તા નથી પણ જ્યાં સુધી અજ્ઞાનીને આત્માનું ભાન નથી ને વિકારનો કર્તા પુદ્‌ગલકર્મ છે એમ માને છે તેની સામે આ વાત છે કે જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી વિકારનો કર્તા જીવદ્રવ્ય છે. જીવદ્રવ્ય એટલે ? ત્રિકાળ દ્રવ્ય તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ જ છે, તે વિકારી કે અવિકારી પર્યાયનો કર્તા નથી તેથી અહીં જીવદ્રવ્યનો અર્થ તે સમયની જીવની પર્યાય કર્તા છે, કેમ કે પર્યાયના ષટ્‌કારકોથી પર્યાય કર્તા છે ને પર્યાય કર્મ છે.

મિથ્યાત્વ આદિ ચેતનારૂપ અશુદ્ધ પરિણતિ છે. વિકારનો આશ્રય આત્મા છે એમ પ્રવચનસારમાં આવે છે. રાગના પરિણામમાં સ્વનો આશ્રય છે. એટલે કે રાગ સ્વમાં થાય છે, પરના આશ્રયે થતો નથી. આત્માના આશ્રયે વિકાર કેમ થાય ? કે આત્મામાં વિકાર થવાની યોગ્યતાથી વિકાર થાય છે.

જ્યાં સુધી પરિપૂર્ણ સ્વભાવની દ્રષ્ટિ નથી ત્યાં સુધી પર્યાય ઉપર દ્રષ્ટિ હોવાથી તે કાળે એટલે કે મિથ્યાત્વદશાના કાળે રાગાદિનો કર્તા થાય છે. જ્યાં સુધી સ્વભાવની દ્રષ્ટિ થઈ નથી ત્યાં સુધી પર્યાયની દ્રષ્ટિ હોવાથી જીવ પોતે જ રાગાદિનો કર્તા થાય છે, જીવે તે પરિણામને વ્યાપ્ય–વ્યાપકપણે કર્યા છે. કેમ ?–કે જે જાણનારો હોય તે ભૂલે, પુદ્‌ગલ જાણનારો નથી તેથી તે વિકારને કેમ કરે ? તેથી જીવ વિકારને કરે છે. કેમકે કર્મચેતના અને કર્મફળચેતના ચેતનાની પર્યાય છે, જ્ઞાનચેતના જ્ઞાનીને હોય છે અને કર્મચેતના તથા કર્મફળચેતના જ્ઞાનીને ગૌણપણે હોય છે પણ દ્રષ્ટિની અપેક્ષાએ જ્ઞાની તેનો જ્ઞાતાદ્રષ્ટા છે અને પરિણમનની અપેક્ષાએ કર્તા–ભોક્તા છે.

સમયસારમાં શક્તિની વાત ચાલી ત્યાં વિકારી પરિણમનની વાત લીધી જ નથી, ત્યાં તો નિર્મળ પર્યાય અને ગુણને લીધા છે. કેમ કે શક્તિનું વર્ણન દ્રષ્ટિપ્રધાન

કથન છે અને નયનું વર્ણન જ્ઞાનપ્રધાન કથન છે. અહીં તો એકલી પર્યાય દૃષ્ટિવાળા અજ્ઞાનીની વાત છે. તે એમ માને છે કે વિકાર તો કર્મથી થાય છે. તેની સામે આ વાત છે. અરે! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય–સમ્યગ્દૃષ્ટિને જ તીર્થંકરગોત્ર બંધાય –તે પણ અપરાધ છે. અપેક્ષા સમજી જોઈએ.

તે વાત વધુ દૃઢ કરાવે છે કે રાગાદિ પરિણામ કાર્ય છે તેથી તે આકાશ દ્રવ્યની માફક અનાદિનિધન સ્વયંસિદ્ધ નથી પણ રાગાદિ પરિણામ તે કાર્ય છે, તેથી કરનાર વિના કાર્ય હોતું નથી. કર્તા વિના કાર્ય ન હોય અને વિકાર તે કાર્ય છે તેથી કર્તા વિના રાગાદિરૂપ કાર્ય ન હોય. એક સમયની પર્યાયમાત્ર કાર્ય છે, વિકારી હો કે અવિકારી હો પણ તે પર્યાય છે તેથી તે કાર્ય છે ને કાર્ય તે કર્તા વિના હોય નહીં.

જેમ માટી કાર્ય નથી પણ ઘડો કાર્ય છે, ઘડો કાર્ય છે તેથી કર્તા વિના થાય નહીં. ઘડો કાર્ય છે ને માટી કર્તા છે, કુંભાર કર્તા નથી. સમયસાર ૩૭૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે કુંભારથી ઘડો થાય છે એમ તો અમે દેખતા નથી. કુંભાર ઘડાનો કર્તા છે જ નહિ. માટી પોતાના સ્વભાવને નહીં ઉલ્લંઘતી હોવાથી માટી જ ઘડાનો કર્તા છે. ઘડો કાર્ય છે ને કાર્ય કર્તા વિના હોય નહીં તેથી માટી કર્તા ને ઘડો કાર્ય છે.

તેમ વિકાર કાર્ય છે માટે તે કર્તા વિના હોય નહીં, તેથી વિકાર છે તે જીવ અને પુદ્‌ગલ એમ બે દ્રવ્યની કરતુતિ–કાર્ય નથી, પણ જીવદ્રવ્યનું કાર્ય છે. કોઈ એમ કહેશે કે રાગાદિ કાર્ય અને તેનો કર્તા એ જીવ અને પુદ્‌ગલ છે. તેનું સમાધાન એમ છે કે રાગાદિનું બાહ્ય કારણ–પુદ્‌ગલકર્મ તો નિમિત્તમાત્ર છે, અંતરંગ કારણ તો જીવ પોતે જ છે. નિમિત્તમાત્ર ચીજ છે તે પરિણમાવતું નથી.

કર્મનો ઉદય આવે છે માટે જીવને રાગાદિ કરવા પડે છે એમ માને છે તે મિથ્યાત્વ છે. કર્મ વિકારને કરતું જ નથી. કેમકે કર્મ છે તે અચેતન છે ને વિકાર છે તે ચેતનના પરિણામ છે. અજ્ઞાની સ્વયં રાગાદિ અશુદ્ધ પરિણામ કરે છે. અહીં અશુદ્ધતાનો બિલકુલ અકર્તા માને છે એવા અજ્ઞાનીને સમજાવ્યું છે. જ્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ થઈ નથી, જ્ઞાનરસ આનંદકંદની દૃષ્ટિ થઈ નથી ત્યાં સુધી અજ્ઞાની રાગનો કર્તા છે. કર્મ રાગને કરે છે એમ નથી.

વિકાર થાય છે તેનો કર્તા પુદ્‌ગલકર્મ નથી. જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી

જીવદ્રવ્ય પોતે વિકારનો કર્તા છે. દ્રવ્ય તો જેવું છે તેવું જ છે પણ પર્યાયમાં વિકારપણે પરિણમે છે ને પર્યાય તેનો કર્તા છે. પરંતુ પુદ્‌ગલ તેનો કર્તા નથી. કેમ ?–કે જો અચેતન દ્રવ્ય વિકારનો કર્તા થાય તો સુખદુઃખનો ભોક્તા પણ પુદ્‌ગલ કર્મ થાય. પુદ્‌ગલદ્રવ્ય પોતાના પરિણામનો ભોક્તા થાય છે પરંતુ કર્મ સુખ દુઃખાદિનો ભોક્તા નથી માટે કર્તા પણ નથી. જીવદ્રવ્ય સુખ–દુઃખાદિનો ભોક્તા છે માટે કર્તા પણ છે. એ રીતે વિકારનો કર્તા પુદ્‌ગલકર્મ નથી પણ જીવદ્રવ્ય પોતે વિકારનો કર્તા છે એમ સિદ્ધ થયું.

( પાનું ૩૬ થી ચાલુ )

( ૬ ) **ઘોર પરાક્રમતપઋદ્ધિઃ-** ઉપર કહ્યું તેવું રોગસહિત શરીર હોવા છતાં અતિ ભયંકર સ્થાનમાં વસીને યોગ ( સ્વરૂપની એકાગ્રતા ) વધારવાની તત્પરતા હોવી તે ઘોર–પરાક્રમતપઋદ્ધિ છે.

( ૭ ) **ઘોર બ્રહ્મચર્યતપઋદ્ધિઃ-** ઘણા કાળના બ્રહ્મચર્યના ધારક મુનિને અતિશય ચારિત્રના જોરથી ખોટા સ્વપ્નાંઓનો નાશ થવો તે ઘોર બ્રહ્મચર્યતપઋદ્ધિ છે.

નોંધઃ– સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક ચારિત્રધારી જીવોનો કેવો ઉગ્ર પુરુષાર્થ હોય છે તે અહીં બતાવ્યું છે. તપઋદ્ધિના પાંચમા અને છઠ્ઠા ભેદોમાં અનેક પ્રકારના રોગવાળું શરીર કહ્યું છે. તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે–શરીર પરવસ્તુ છે તે ગમે તેવું ખરાબ હોય તોપણ આત્માને સત્ય પુરુષાર્થ કરવામાં તે બાધક થતું નથી. ‘શરીર સારું હોય અને બહારની સગવડતા હોય તો ધર્મ થઈ શકે’ એ માન્યતા ખોટી છે એમ સિદ્ધ થાય છે.

( મોક્ષશાસ્ત્રમાંથી )

---

* પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. સોનગઢમાં સવારે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર તથા બપોરે ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ચાલી રહ્યાં છે.

* **સૂચનાઃ–** કેટલાક જિજ્ઞાસુઓ પૂછાવે તેથી જણાવવાનું કે ‘ઘરે બેઠા પ્રવચન’ યોજનામાં માત્ર સ્પૂલ ટાઈપ રીલની જ વ્યવસ્થા છે, કેસેટની વ્યવસ્થા નથી.

# જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય

જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.
(‘બહેનશ્રીનાં વચનામૃત’)

**(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)**

આ શુદ્ધ ચૈતન્ય વસ્તુનું જ્ઞાન અને રાગનો અભાવ એવો જે વૈરાગ્ય તે એક બીજાને પ્રોત્સાહન આપનારા છે. ધર્મીને જ્ઞાન ને વૈરાગ્ય બે એક સાથે હોય છે. સ્વરૂપનું જ્ઞાન ને રાગનો અભાવ બે એક સાથે હોય છે. અત્યારે કેટલાક એમ કહે છે કે શુભ કરતાં કરતાં શુદ્ધ ઉપયોગ થાય; અહીં કહે છે કે ચિત્સ્વરૂપ શુદ્ધ વસ્તુનો ઉપયોગ તે શુદ્ધ ઉપયોગ છે ને પરદ્રવ્યને આશ્રયે થતો ઉપયોગ તે અશુદ્ધ ઉપયોગ છે.

સર્વોત્કૃષ્ટ સ્વરૂપના જ્ઞાન વગરનો વૈરાગ્ય તે વૈરાગ્ય નથી. કેમકે ત્યાં પર તરફના રાગનો અભાવ હોતો નથી. શુદ્ધ ચૈતન્યના ઉપયોગના પરિણામ વિના સ્ત્રી –કુટુંબ–ધંધો આદિ અશુભ ભાવ છોડે પણ તેને વૈરાગ્ય કહેવાતો નથી. કેમકે પૂરણ વસ્તુના જ્ઞાન વિના વૈરાગ્ય હોઈ શકે નહીં તેથી તે રુંધાયેલો કષાય છે. કષાયની મંદતા દેખાય, પણ પૂરણ સ્વરૂપના જ્ઞાન વિનાનો જે મંદ રાગ દેખાય છે તે રુંધાયેલો કષાય છે. તે અકષાય પરિણામ નથી પણ રુંધાયેલો–રોકાયેલો કષાય છે.

પૂરણ સ્વરૂપના જ્ઞાન વિનાનો રાગની મંદતાનો ભાવ તે રુંધાયેલો કષાય છે. જિન સ્વરૂપી પ્રભુનું જ્ઞાન નથી ત્યાં રાગનો અભાવ છે જ નહીં, ત્યાં રાગને રોકેલો છે તે ફાટશે, જ્ઞાન ને આનંદના સર્વોત્કૃષ્ટ સ્વરૂપ પ્રભુના જ્ઞાન વિનાના મંદ રાગમાં

અશુભનો અભાવ ને શુભ થયો છે એમ પણ કહેવાતું નથી, એ તો એકલો રુંધાયેલો કષાય છે. ચૈતન્ય સ્વરૂપની જેને દ્રષ્ટિ થઈ છે તે અસંયમમાં હોય પણ તે મોક્ષમાર્ગમાં જ છે અને જેને સ્વરૂપની પ્રતીતિ ને જ્ઞાન નથી તેના રાગની મંદતા રોકાયેલો કષાય છે. જે અસ્તિ છે, પૂરણ વસ્તુ છે, એવા સ્વરૂપના જ્ઞાન વિના કષાયને ઓળખી શકતો નથી. શુભ રાગ તો ઠીક પણ ગુણ–ગુણીનો વિકલ્પ તે પણ કષાય છે. વીતરાગ સ્વરૂપના જ્ઞાન વિના કષાયને ઓળખી નહીં શકે.

જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે. આનંદની દશારૂપ જે મોક્ષમાર્ગ તેને જ્ઞાન ઓળખે છે. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન વર્તમાન મોક્ષમાર્ગને ઓળખે છે. તે જ્ઞાન સ્વયં માર્ગને ઓળખે, તેને પરની અપેક્ષા નથી. જે વસ્તુ છે તેને તેણે જાણી, જાણી કહેતાં પર્યાય આવી ગઈ, એ પર્યાય મોક્ષમાર્ગને જાણે છે. રાગથી જેનું આસન ઉદાસ છે એટલે કે રાગનો અભાવ એવો જે વૈરાગ્ય તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી. કેમ કે પૂરણ સ્વરૂપના જ્ઞાનથી વર્તમાન મોક્ષમાર્ગ જાણ્યો તેને વૈરાગ્ય સદા ટકી રહે છે. તેથી તે પરથી નિસ્પૃહ ને સ્વની મોજમાં ટકાવી રાખે છે. આત્માના જ્ઞાનને વૈરાગ્ય રાગમાં રોકાવા દેતો નથી. આત્માના જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય હોય છે. પૂરણ વસ્તુનું જ્યાં જ્ઞાન થયું તેનું જીવન નિયમથી રાગના અભાવ સ્વરૂપ વૈરાગ્યમય હોય છે.

જ્ઞાન સહિતનું જીવન નિયમથી એટલે કે પૂર્ણાનંદના નાથનું જ્યાં પર્યાયમાં જ્ઞાન થયું ત્યાં જ્ઞાન સહિતનું જીવન નિશ્ચયથી વૈરાગ્યમય જ હોય છે, કેમકે પરમાનંદ સ્વરૂપનું જ્ઞાન થયું તે નિયમથી વૈરાગ્યમય જ હોય.

( સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમમાં પણ નિર્લેપ...પાનું ૩૫ થી ચાલુ )

જ્ઞાનધારા ને ઉદયધારા બન્ને જુદી પરિણમે છે. રાગ છે તો ખરો, પણ રાગની ધારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં રહે છે. જેમ ધ્રુવધારા વહે છે તેમ ધ્રુવનું જ્ઞાન થયું એ જ્ઞાનધારા પણ વર્તે છે અને ઉદયધારા પણ જુદી વર્તે છે. રાગ આવે છે એટલી અલ્પ અસ્થિરતા છે. ચોથા ગુણસ્થાનવાળાને પણ રાગ છે પણ તેને અનંતાનુબંધીનો અભાવ હોવાથી અલ્પ અસ્થિરતા ગણવામાં આવી છે અને તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે. કર્મથી થાય છે તેમ નથી. દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં વર્તે છે, કર્મ પણ તેની પોતાની પર્યાયમાં વર્તે છે. સમ્યગ્દ્રષ્ટિ તો જે રાગ થાય છે તેને જાણનાર રહે છે. મારા છે એમ માનનાર રહેતો નથી.

# જ્ઞા...ન...ગો...ષ્ઠી
## (પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્ગારો)

અહો! જ્ઞાનસ્વભાવનું મહાત્મ્ય કેટલું છે! સામર્થ્ય કેવું છે! એનું જગતને ભાન નથી. આકાશના અનંતા પ્રદેશો છે તેમાં અહીંથી (કોઈ જગ્યાથી) તેની ગણતરી કરતાં આકાશનો છેલ્લો પ્રદેશ ક્યો? તેનો અંત છે જ નહિ, કાળના અનંત સમયો છે તેમાં વર્તમાન સમયથી ગણતાં કાળનો છેલ્લો સમય કયો? તેનો અનંત છે જ નહિ, તેમ દ્રવ્યો અનંતા છે તેની ગણતરી કરતાં છેલ્લું દ્રવ્ય કયું? તેનો અંત છે જ નહિ, તેમ એક જીવ દ્રવ્યના જ્ઞાનદર્શન આદિ ગુણ આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણા છે, તેમાં છેલ્લો ગુણ કયો? તેનો અંત છે જ નહિ. આહાહા! ગજબ વાત છે, જ્ઞાનનો પર્યાય જ્ઞેયપ્રમાણ છે ને જ્ઞેય લોકાલોક છે, જેનો પાર નથી એવા અપાર અનંતાનંત દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જ્ઞેય બનાવનારી એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું? તાકાત કેટલી? એ એક સમયની પર્યાયમાં અનંતાનંત જ્ઞેય–પ્રમાણ જ્ઞાનની પર્યાયના અવિભાગપ્રતિછેદ કેટલા? એનો છેલ્લો પ્રતિછેદ ક્યો? આહાહા! ગજબ વાત છે. સિદ્ધ થાય તેની આદિ ગણાય પણ અંત નથી, સિદ્ધ થાય તેના ભવનો અંત–છેડો તો આવી ગયો પણ તેનો પહેલો ભવ ક્યો? અનાદિ છે, તેની શરૂઆત છે જ ક્યાં? અંત વિનાના દ્રવ્યો છે તેનો અંત આવે કેમ? અંત વિનાનું ક્ષેત્ર છે તેનો અંત આવે કેમ? અંત વિનાનો કાળ છે તેનો અંત આવે કેમ? અંત વિનાના ભાવ છે તેનો અંત આવે કેમ? આહાહા! આટલા આટલા અનંતા જ્ઞેયો છે એને જાણનાર જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. આવા અનંત પદાર્થોને શ્રુતજ્ઞાનમાં જ્ઞેય બનાવ્યા એની પર્યાયમાં વિષયોનો રસ રહી શકે નહિ. રાગ રહે પણ રાગનો રસ રહી શકે નહિ. આહાહા! આત્મવસ્તુ જ કોઈ એવી અદ્ભુત ચમત્કારીક છે કે એનું શું કહેવું ભાઈ!

(પૂજ્ય ગુરુદેવશ્રીના ઘોલનમાંથી આવેલા અભૂતપૂર્વ હૃદયોદ્ગાર, તા. ૧૫–૬–૭૮, રાત્રિચર્ચામાંથી)

પ્રશ્નઃ– કેવળજ્ઞાન આદિ ક્ષાયિક ભાવને નિયમસારમાં પરદ્રવ્ય કહ્યું છે તો કેવળજ્ઞાન પરદ્રવ્ય છે?

ઉત્તરઃ– કેવળજ્ઞાન આદિ ક્ષાયિક ભાવ છે તે તો નિજસ્વભાવભાવ છે પણ ત્યાં અપેક્ષાથી ક્ષાયિક ભાવને પરદ્રવ્ય કહ્યું છે. તેનું કારણ એ છે કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની

પર્યાય આવતી નથી તેમ ક્ષાયિકભાવરૂપ પર્યાયમાંથી પણ નવી પર્યાય આવતી નથી. પોતાના દ્રવ્યમાંથી શુદ્ધ પર્યાય આવે છે તેથી પર્યાય ઉપરનું લક્ષ છોડાવી દ્રવ્ય સ્વભાવનું લક્ષ કરાવવાના પ્રયોજનથી કેવળજ્ઞાન આદિ ક્ષાયિકભાવને પણ પરદ્રવ્ય કહ્યું છે. કેમકે પર્યાય ઉપર લક્ષ કરતાં વિકલ્પ ઊઠે છે ને નિર્વિકલ્પના થતા નથી, તેથી પર્યાય ઉપરનું લક્ષ છોડાવવા તેને પરદ્રવ્ય કહ્યું છે. કેવળજ્ઞાન આદિ પર્યાય ક્ષણીક હોવાથી અભૂતાર્થ પણ કહેવાય છે ને ત્રિકાળી ધ્રુવ સ્વભાવ તે ભૂતાર્થ છે. કેવળજ્ઞાન આદિ પર્યાય હોવાથી તેને વ્યવહાર જીવ કહેવાય ને ત્રિકાળી સ્વભાવ તે નિશ્ચય જીવ છે. ક્ષાયિક ભાવને અપેક્ષાથી પરદ્રવ્ય કહ્યું પણ તેથી પુદ્‌ગલાદિ પરદ્રવ્યની જેમ કેવળજ્ઞાન આદિ ક્ષાયિક ભાવ તે અજીવ નથી, તે તો જીવનો ચૈતન્યભાવ છે. કેવળજ્ઞાન તે તો કાર્યપરમાત્મા છે. અપેક્ષા બરાબર સમજવી જોઈએ.

( સ્થળ-સંકોચના કારણ વધુ આવતા અંકે )

( પાનું ૩૪ થી ચાલુ )

**ધરમચંદભાઈઃ** -ભાઈ તમારી વાત તો સાચી છે. અત્યારે તો સૌએ સાક્ષાત્ પ્રવચન સાંભળવાનો અવસર ચૂકવા જેવું નથી. તેમ છતાં ઉદયાધીન, આજીવિકા આદિ વશ જેઓ સાક્ષાત્ લાભ ન લઈ શકે, તેમણે ટેપ-રેકોર્ડિંગ દ્વારા ઘરે બેઠા પૂજ્યશ્રીના પ્રવચનોનો સાક્ષાત્‌વત્ લાભ લેવો જોઈએ. સંતો સિદ્ધોને નીચે ઉતારીને હૃદયભૂમિમાં બિરાજમાન કરે છે તેમ ટેપ-રેકોર્ડિંગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીને આપણા ઘરે સાક્ષાત્ સાંભળી શકાય એવું સૌભાગ્ય છે.

**લક્ષ્મીચંદભાઈઃ**- બરાબર છે ભાઈ ! મોજશોખ માટે લોકો ઘરે ઘરે રેડિયો દાગીના આદિ વસાવે છે તો ૮૪ લાખ યોનિના ભવ ભ્રમણાથી છૂટવાનો અલૌકિક ઉપાય બતાવનારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ઘરે બેઠા સાક્ષાત્ સાંભળવા માટે આ સાધન વસાવીને અધ્યાત્મમસ્તીથી ભરપૂર પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનું પાન કરીને, દુર્લભ જીવનની સફળતા કરી લેવા જેવું છે.

**ધરમચંદભાઈઃ**- ચાલો ભાઈ ચાલો, પ્રવચનનો ટાઈમ થઈ ગયો છે.

**લક્ષ્મીચંદભાઈઃ**- હા ચાલો ભાઈ ! સિદ્ધની નાતમાં ને જાતમાં ભળી જવા માટે જલ્દી ગુરુદેવશ્રીના પ્રવચનમાં પહોંચી જઈએ કે જેથી તેઓશ્રી સિદ્ધપદ પામે ત્યારે આ શ્રોતાની ટોળીમાં આપણે પણ સિદ્ધપદને પામીએ.

## વૈરાગ્ય સમાચાર

* વાંકાનેરનિવાસી હિંમતલાલ છગનલાલ શાહ (વર્ષ–૫૧) તા. ૧૫–૫–૭૮ ના રોજ હૈદ્રાબાદમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ નિવાસી રમીલાબેન ચંદ્રકાંતભાઈ (–તે શ્રી મણીલાલ જેઠાભાઈ શેઠના દીકરી) (વર્ષ–૩૯) તા. ૨૫–૫–૭૮ના રોજ ઈન્દોરમાં એકાએક ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* પાણસણાનિવાસી શાહ ન્યાલચંદ છગનલાલ (વર્ષ–૮૨) તા. ૨૮–૫–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી (હાલ–જલગાંવ) રતિલાલ અમૃતલાલ ગાંધી (વર્ષ–૯૧) તા. ૩૧–૫–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વવાણીયાના શ્રી મગનલાલ અમુલખભાઈ (વર્ષ–૯૦) તા. ૩–૬–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દામનગરનિવાસી (હાલ સોનગઢ) કસ્તુરબેન ઓધવજી (વર્ષ–૮૩) તા. ૪–૬–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી મોંઘીબેન જેઠાલાલ શાહ (વર્ષ–૧૦૦) તા. ૫–૬–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું શરણ પામી આત્મકલ્યાણ પામે એવી ભાવના.

ગતાંકની શુદ્ધિઃ– કોયલીનિવાસી શ્રી કેશરીચંદજી ધવલ સકુશલ છે. તારણબંધુ માસિકના સંયોજક શ્રી રોશનલાલ ગોયલ (ભોપાલ) ને નાગપુરથી કોઈ શાંતીકુમાર પાટણીએ ધવલજીના સ્વર્ગવાસના ખોટા સમાચાર મોકલાવેલ. તેઓ દીર્ઘાયુ હો.

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ (ગંતાકથી ચાલુ)

| | | |
|---|---|---|
| ૬૬૩ | શ્રી જયવંતી સ્ટોર્સ | કલકત્તા |
| ૬૬૪ | શ્રી કનૈયાલાલ એન. દફતરી | કલકત્તા |
| ૬૬૫ | શ્રી મનસુખલાલ માલજી | કલકત્તા |
| ૬૬૬ | શ્રી મુકુંદરાય જે. હેમાણી | કલકત્તા |
| ૬૬૭ | શ્રી મનસુખલાલ જે. બોટાદરા | કલકત્તા |
| ૬૬૮ | શ્રી નરોત્તમદાસ સી. ભાયાણી | કલકત્તા |
| ૬૬૯ | શ્રી આર. વસંતરાય | કલકત્તા |
| ૬૭૦ | શ્રી શાંતિલાલ જી. શાહ | કલકત્તા |
| ૬૭૧ | શ્રી શાંતિલાલ ડી. શાહ | કલકત્તા |
| ૬૭૨ | શ્રી તુલસીરામ સેરાવજી | કલકત્તા |
| ૬૬૩ | શ્રી વી. ટી. ખારા | કલકત્તા |
| ૬૭૪ | શ્રી ત્રંબકલાલ કે. વોરા | કલકત્તા |
| ૬૭૫ | શ્રી નવનીત એન. મહેતા | કલકત્તા |
| ૬૭૬ | શ્રી પી. એ. સંઘવી | કલકત્તા |

(ક્રમશઃ)

(આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧)

# આહાહા !! જાણે સિદ્ધલોકમાં બેઠા હોઈએ !

**લક્ષ્મીચંદભાઈઃ-** ધરમચંદભાઈ! તમારો ઘણો ઉપકાર માનું છું કે તમે મને પ્રેરણા આપીને સોનગઢ લઈ આવ્યા. આજે તો (તા. ૧૨-૬-૭૮) સવારે શ્રી સમયસાર ગાથા પહેલી ઉપરના પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વલક્ષી ઘોલનમાં અપૂર્વ ભાવોની ખીલવટ થતી હતી. આહાહા! સંતોના થોડા શબ્દોમાં અગાધ ને ગંભીર ભાવો ભર્યા છે. કે જેનો પાર ન આવે તેવા ભાવોને ગુરુદેવશ્રી અંતર મંથન વડે શ્રોતાઓ આગળ ખૂલ્લા કરતાં અધ્યાત્મમસ્તીથી ઉછળી રહ્યાં હતાં. અનંતા સિદ્ધોને ને સર્વજ્ઞોને આચાર્યદેવે પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં સ્થાપના કરીને હેઠે ઉતાર્યા અને શ્રોતાની પર્યાયમાં પણ અનંતા સિદ્ધોને ને સર્વજ્ઞોને સ્થાપીને કહ્યું કે તું અમારી પાસે સાંભળવા આવ્યો છે તો તેમાં અમે તારી લાયકાત એટલી જોઈએ છીએ કે તારી અલ્પજ્ઞ દશામાં તું પણ અનંતા સિદ્ધોને ને સર્વજ્ઞોને સંઘરી શકીશ-એમ અમને તો દેખાય છે પણ તને પણ એમ દેખાશે. વળી સંતોએ શ્રોતાઓની ટોળીને કોલકરારથી કહ્યું કે અમે તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને ને સર્વજ્ઞોને સ્થાપ્યા છે તેથી જ્યારે અમે સિદ્ધપદ પામીશું ત્યારે આ ટોળી પણ સિદ્ધપદ જરૂર પામશે, પામશે જ. વાહ ભાઈ વાહ! આજે તો જાણે ગુરુદેવશ્રીના શ્રીમુખેથી આચાર્ય મહારાજને જ જાણે સાક્ષાત્ સાંભળી રહ્યા હતા!

**ધરમચંદભાઈઃ-** હા ભાઈ! આજનું પ્રવચન સાંભળતાં તો જાણે સંસાર ભૂલાઈ જાય છે, રાગ ભૂલાઈ જાય છે, જાણે સિદ્ધમાં બેઠા હોઈએ એવું લાગે છે. આજે તો સંતોએ આપણને સિદ્ધ બનાવી દીધા, સિદ્ધોને આપણામાં સ્થાપીને સિદ્ધસ્વરૂપના દર્શન કરાવી દીધા. પૂજ્ય ગુરુદેવશ્રી પણ સિદ્ધોને શ્રોતામાં સ્થાપતાં, સિદ્ધોને હેઠે ઉતારતાં, કહેતાં હતાં કે પ્રભુ! તમે ઉપરને અમે હેઠે, તમે જરી અહીં આવો પછી અમે તમારી પાસે ઉપર આવીશું. અહો! આવા ચૈતન્યમસ્તીથી તરબોળ અદ્ભુત પ્રવચનો સાક્ષાત્ સાંભળવા મળવા એ પણ જીવનનો અણમૂલો અવસર છે; એ સૌભાગ્યની શી વાત!

**લક્ષ્મીચંદભાઈઃ-** મેં તો આજે ઘરે તથા અંગત સ્નેહીજનોને ટપાલ લખીને આ અપૂર્વ લાભ લેવા જલ્દી આવવા લખ્યું છે. શ્રી સમયસાર ઉપર તથા અદ્ભુત, ગંભીર અને સરળ શૈલીવાળા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર અધ્યાત્મમસ્તીથી ઝરતા અમૃત ઝરણાનું પાન કરવા સૌ મુમુક્ષુઓએ અત્યારે સોનગઢ આવવા જેવું છે. ભાઈ! જો હું તમારી સાથે ન આવ્યો હોત તો મને ખરેખર પસ્તાવો રહી જાત.

(વિશેષ માટે જુઓ પાનું ૩૨)

# સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમમાં પણ નિર્લેપ

**સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન–વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધા જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારાને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૩૧.**

('બહેનશ્રીનાં વચનામૃત')

(પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી)

જેને આત્માનો ભરોંસો આવ્યો, વિશ્વાસ આવ્યો તેને સમ્યગ્દર્શન થયું છે. પર્યાયની પાછળ તળિયે ઊંડે ઊંડે વસ્તુ છે, અનંત અપરિમિત શક્તિનો સાગર છે, એવો જેને વિશ્વાસ આવે ને શ્રદ્ધામાં જાય તેને સમ્યગ્દર્શન કહે છે. અજ્ઞાનીની નજર એક સમયની પર્યાયમાં ને રાગમાં છે તેથી ધ્રુવ ઉપર તેની નજર નથી. પૂરણ સ્વરૂપ ધ્રુવ સ્વભાવનો વિશ્વાસ કરીને અંતરમાં જાય ત્યારે તેને સત્યદર્શન કહે છે. જેટલો ને જેવડો પોતે છે તેના જ્ઞાન પૂર્વક પ્રતીતિ આવે તેને સમ્યગ્દર્શન કહે છે.

એવા સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ પ્રગટી છે. જ્ઞાન એટલે પૂરણ સ્વભાવનું જ્ઞાન અને રાગનો અભાવ તે વૈરાગ્ય. વસ્તુ સ્વરૂપની સન્મુખ થઈને પૂરણ સ્વભાવનું અંદર જ્ઞાન થઈને પ્રતીતિ થવી એવા સમ્યગ્દ્રષ્ટિને સ્વરૂપનું જ્ઞાન ને રાગનો અભાવ એવા જ્ઞાન ને વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમના કાર્યો કરવા છતાં, બધા જ કાર્યોમાં ઊભો દેખાવા છતાં, રાગ આવે છતાં વિરક્ત છે, રાગ આવે ખરો પણ તેમાં લેપાતો નથી. કેમ કે રાગનું નાસ્તિત્વપણું તે હું છું ને સ્વભાવનું અસ્તિત્વપણું તે હું છું એવી દશામાં રાગ આવે છતાં તેમાં લેપાતો નથી.

પોતાના પૂરણ સ્વભાવની પ્રતીતિનું જ્ઞાન વર્તે છે તે તેને યોગ્ય બધાં કાર્યોમાં ઊભો હોવા છતાં રાગમાં એકતા કરતો નથી, એટલે કે નિર્લેપ રહે છે. રાગ થાય છે ખરો, પણ એ મારા છે એમ એકત્વ કરતો નથી, નિર્લેપ રહે છે. એ તો સમજાવવા કહ્યું છે ખરેખર તો સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમની પર્યાયમાં નથી. એ તો પૂરણ સ્વરૂપના જ્ઞાન અને પર તરફના વૈરાગ્યમાં ઊભો છે. (વિશેષ માટે જુઓ પાનું ૩૦)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

## આશ્ચર્યકારી તપઋદ્ધિ

તપઋદ્ધિ સાત પ્રકારની છે- (૧) ઉગ્રતપ (૨) દીપ્તિતપ (૩) નિહારતપ (૪) મહાનતપ (૫) ઘોરતપ (૬) ઘોરપરાક્રમતપ અને (૭) ઘોર બ્રહ્મચર્યતપ. તેનું સ્વરૂપ નીચે મુજબ છેઃ-

(૧) ઉગ્રતપઋદ્ધિઃ- એક ઉપવાસ, બે-ત્રણ-ચાર-પાંચ વગેરે ઉપવાસ નિમિત્તે કોઈ યોગનો આરંભ થયો તો મરણપર્યંત તે ઉપવાસથી ઓછા દિવસે પારણું ન કરે, કોઈ કારણથી અધિક ઉપવાસ થઈ જાય તો મરણ-પર્યંત તેનાથી ઓછા ઉપવાસ કરી પારણું ન કરે-આવું સામર્થ્ય પ્રગટ હોવું તે ઉગ્રતપઋદ્ધિ છે.

(૨) દીપ્તિ-તપઋદ્ધિઃ- મહાન ઉપવાસાદિક કરતાં મન-વચન-કાયનું બળ વધતું જ રહે, મુખ દુર્ગંધરહિત રહે, કમળ આદિકની સુગંધ જેવો સુગંધી શ્વાસ નીકળે અને શરીરની મહાન દીપ્તિ પ્રગટ થાય તે દીપ્તિ-તપઋદ્ધિ છે.

(૩) નિહારતપઋદ્ધિઃ- તપેલી લોઢાની કડાઈમાં પડતાં પાણીના ટીપાં જેમ સૂકાય જાય તેમ આહાર પચી જાય, સૂકાય જાય અને મળરૂપે ન પરિણમે, તેથી નિહાર ન થાય. આવું હોવું તે નિહારતપઋદ્ધિ છે.

(૪) મહાનતપઋદ્ધિઃ- સિંહક્રિડિતાદિ મહાન તપ કરવામાં તત્પર હોવું તે મહાનતપઋદ્ધિ છે.

(૫) ઘોરતપઋદ્ધિઃ- વાત, પિત્ત, શ્લેષ્મ વિગેરેથી ઉપજેલ જ્વર, ઉધરસ, શ્વાસ, શૂળ, કોઢ, પ્રમેહાદિક અનેક પ્રકારના રોગવાળુ શરીર હોવા છતાં પણ અનશન, કાયક્લેશાદિ છૂટે નહિ અને ભયાનક સ્મશાન, પર્વતનું શિખર, ગુફા, ખંડિયેર, ઉજ્જડ ગામ વગેરેમાં દુષ્ટ રાક્ષસ, પિશાચાદિ પ્રવર્તે અને માઠા વિકાર ધારણ કરે તથા શિયાળના કઠોર રૂદન, સિંહ, વાઘ વગેરે દુષ્ટ જીવોના ભયાનક શબ્દ જ્યાં નિરંતર પ્રવર્તે એવા ભયંકર સ્થાનમાં પણ નિર્ભય થઈ વસે તે ઘોરતપઋદ્ધિ છે.

(અનુ. પાનું ૨૮ ઉપર)

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પીનઃ ૩૬૪૨૫૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૫૦૦